# પ્ર ક ર ણ - ૬

## ભાવ-વિભાવ-અનુભાવ

નાટ્યકળાનું સર્વપ્રથમ મુખ્ય ઈતિ કર્ત્તવ્ય છે - લોક તેમજ લોકસ્વભાવગત મૂર્ત તેમજ અમૂર્ત સ્થિતિઓને નાટ્યમાં મુર્તિત કરવી. મુર્તિકરણની આ પ્રક્રિયાઓમાં અનુકરણની પ્રમુખતા રહે છે અને તેથીજ તેને 'નાટ્ય' નામની વિશિષ્ટ પરંતુ વ્યાપક સંજ્ઞા આપવામાં આવી છે. નટ્ના અભિનય વ્યાપાર દ્વારા રંગમંચીય નાટ્યમાં રુપાન્તરિત થવાથી વાસના, મનોભાવના અથવા અમૂર્ત અનુભૂતિઓ પોતાનું એક વિશિષ્ટ સ્વતંત્ર સ્વરુપ ધારણ કરી મુર્તિત થાય છે. ભરતમુનિએ આ સ્વરુપને નાટ્યકળાના સંદર્ભમાંજ નિર્ધારિત કરવા માટે એક મુખ્ય પારિભાષિક શબ્દનો પુનરાવિષ્કાર કર્યો છે. જેને તેઓ ભાવ કહે છે. ભરતમુનિ પ્રતિપ્રાદિત ૪૯ નાટ્યભાવોમાં કેવળ માનસિક ભાવનાઓનો સમાવેશ થતો નથી પરંતુ તેમાંના કેટલાક તો બૌધ્ધિક સ્થિતિઓ તથા સ્થૂળ શારિરીક અવસ્થાઓના ઘોતક પર્યાય જેવા છે. એટલે ભરતમુનિની દૃષ્ટિએ ભાવનું સ્વરુપ એકાંતત: અમૂર્ત વાસનાત્મક, અનુભૂત્યાત્મક અથવા મનોભાવનાત્મક માત્ર નથી, તે આપણે જોયું. નાટ્યગત ભાવ વિભાવ તથા અનુભાવ નિરપેક્ષ હોતો નથી. વિભાવ ઉપકરણાત્મક છે અને અનુભાવ ક્રિયાવ્યાપારાત્મક. ભાવ 'વાગંગસત્વોપેત કાવ્યાર્થની રંગમંચ ઉપર અભિવ્યક્તિ અથવા નિર્માણનું સાધન છે તો વિભાવ આ ભાવો તથા વાચિક, આંગિક તથા સાત્વિક અભિનયોની અભિવ્યક્તિના કારણે અથવા નિમિત્ત છે એટલે ભરતમુનિએ વિભાવોથી અભિનયોની અભિવ્યક્તિ માત્રને વિભાવોનું મૂળભૂત કાર્ય માન્યું છે. અભિનયની પ્રતીતિ કરાવનાર તત્વને તેમણે અનુભાવ કહયા છે. અનુભાવથી વાક્, અંગ તથા સત્વકૃત અભિનય અનુભાવિત થાય છે. આમ ભાવ, વિભાવ તથા અનુભાવ-રસનિષ્પત્તિના આ ત્રણેય સાધનો નટના અભિનયવ્યાપાર સાથે અનિવાર્યપણે સંકળાયેલા છે. ભરતમુનિએ પ્રત્યેક ભાવ તથા રસના વિભાવ તથા અનુભાવ વિસ્તૃતપણે નિરુપ્યા છે. નાટ્યગત ભાવને રંગમંચ ઉપર મૂર્તિમંત કરવામાં નટને તે અત્યંત ઉપયોગી નિવડતા હોવાથી એક

સ્વતંત્ર પ્રકરણરુપે પ્રત્યેક ભાવના વિભાવ તથા અનુભાવ અત્રે નિરુપવામાં આવ્યા છે. 'નાટ્યશાસ્ત્ર' તેમજ અન્ય કાવ્યશાસ્ત્રીય તથા નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાંથી પણ પ્રત્યેક ભાવના વિભાવ-અનુભાવ વર્ણવવામાં આવ્યા છે જે કયા સંજોગોમાં કયો ભાવ જન્મે અને તેનો અભિનય કેવી રીતે થાય તે અંગે નટને માર્ગદર્શન આપી શકે છે.

## સ્થાયી ભાવોના વિભાવ અને અનુભાવ

| સ્થાયી ભાવ | વિભાવ | અનુભાવ |
|---|---|---|
| (૧)<br>રતિ | ઋતુ, માલ્ય(પુષ્પમાળા), અનુલેપન (ચંદન વિગેરે અંગરાગ), આભરણ ભોજન.(પાઠાન્તરે પ્રિયજન સેવન) ઉત્તમ ગૃહમાં વાસ તથા પ્રતિકુળતાનો અભાવ(ભરતમુનિ) ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ (પરંપરિત આર્યા) | સ્મિત વદન (હસતો ચહેરો) મધુર કથન, ભ્રૂક્ષેપ, કટાક્ષ (ભરતમુનિ)સૌચિંતાપૂર્વક મધુર વાણી અને અંગોની ઉપયુક્ત ચેષ્ટાઓ (પરંપરિત આર્યા) |
| (૨)<br>હાસ | પારકાઓની ચેષ્ટાનું અનુકરણ, ઠગબાજી, અસંબદ્ધ વાતચીત, દોષ જોવાની વૃત્તિ, મૂર્ખતા, (ભરતમુનિ) પારકાઓની ચેષ્ટાઓનું અનુકરણ (પરંપરિત આર્યા) | હસિત વિગેરે (ભરતમુનિ) સ્મિત, હાસ, અતિહસિત (પરંપરિત આર્યા) |
| (૩)<br>શોક | પ્રિયજનનો વિયોગ, ધનનો નાશ કોઇના વધ કે કેદ થવાથી પેદા થતા દુ:ખનો અનુભવ (ભરતમુનિ) | અશ્રુપાત, આર્તનાદ, વિલાપ, ચહેરાની ફીકાશ, સાદનું બેસી જવું, ગાત્રોની શિથિલતા, ભૂમિપતન, અવાજ સહિત રુદન, આક્રંદ, ઉંડા નિસાસા, જડતા, ઉન્માદ, મોહ, મરણ (ભરતમુનિ) |

| | | |
|---|---|---|
| (૪) ક્રોધ | આધર્ષણ (તિરસ્કાર, અપમાન, બળાત્કારે પોડા)ખેંચતાણ, કજિયો, વિવાદ, પ્રતિકૂળ વ્યક્તિઓ કે પદાર્થો (ભરતમુનિ) | નસકોરાં ફુલાવવાં, આંખો ફાડવી, હોઠ કરડવા, ગાલ ફરકાવવા, (ભરતમુનિ) |
| ૫) ઉત્સાહ | વિષાદનો અભાવ, શક્તિ, ધૈર્ય, શૌર્ય (ભરતમુનિ) અસંમોહ (પરંપરીત આર્યા) | વૈશારદ્ય (ભરતમુનિ) અપ્રમાદ ઉત્થિત (સંભાળભર્યો ઉદ્યોગ) પરંપરિત આર્યા. |
| (૬) ભય | ગુરુ કે રાજાનો અપરાધ, સૂનું ઘર, જંગલ, પર્વત, ગુફા, હાથી, સર્પનું દર્શન, ઠપકો, અરણ્ય, ચોમાસાનો દિવસ, રાત્રિનો અંધકાર, ઘુવડ અને બીજાં રાત્રે ફરતાં પ્રાણીઓનું શ્રવણ (ભરતમુનિ) ગુરુ કે રાજાનો અપરાધ, ભયંકર વસ્તુઓનું દર્શન, ભયંકર અવાજોનું શ્રવણ (પરંપરિત આર્યા) | હાથપગનો કંપ, હૃદયની ધ્રુજારી, સજ્જડ બની જવું, મો સુકાવું, જીભથી હોઠ ચાટવા, પરસેવો, ધ્રુજારી, ત્રાસ, રક્ષણની શોધ, નાસવું, મોટેથી ચીસ પાડવી (ભરતમુનિ) અંગ-ગાત્રોની ધ્રુજારી, અત્યંત બીક, મુખશોષને ગભરામણ, આંખો પહોળી કરવી, (પરંપરિત આર્યા) |
| (૭) જુગુપ્સા | અણગમતી વસ્તુનું દર્શન અથવા શ્રવણ (ભરતમુનિ) | સર્વ અંગોનો સંકોચ, થૂંકવું, મુખ મચકોડવું, છાતીએ હાથ મૂકવો (ભરતમુનિ) નાક દાબવું, શરીર સંકોડવું, ઉદ્વેગ દર્શાવવો, છાતીએ હાથ મૂકવો( પરંપરિત આર્યા) |
| (૮) વિસ્મય | માયા, જાદુ, મનુષ્યોનો હેરત પમાડનાર કાર્યો, ઉત્તમ ચિત્રકળા-રંગકામ કે કારીગરી, અદ્ભુત શિલ્પવિદ્યા (ભરતમુનિ) હેરત પમાડે એવાં કાર્યો. (પરંપરિત આર્યા) | આંખો પહોળી કરવી, પલકારા વગરની દૃષ્ટિ, ભ્રૂક્ષેપ, રોમાંચ, માથું ધુણાવવાની ક્રિયા, વાહવાહના ઉદ્ગાર (ભરતમુનિ) અત્યંત હર્ષ, રોમાંચ (પરંપરિત આર્યા) |

## વ્યભિચારી ભાવોના વિભાવ અને અનુભાવ

| વ્યભિચારી ભાવ | વિભાવ | અનુભાવ |
|---|---|---|
| (૧) નિર્વેદ | દરિદ્રતા, વ્યાધિ, શાપ, અપમાન, તિરસ્કાર, ધિક્કાર, ગાળ આપવી, ક્રોધથી તાડન, પ્રિયજનનો વિયોગ તથા તત્ત્વજ્ઞાન (ભરતમુનિ) દરિદ્રતા, ઇષ્ટજન વિયોગ, વ્યાધિ, અન્યની વૃદ્ધિ જોવી( પરંપરિત આર્યા) તત્ત્વજ્ઞાન, આપત્તિ, ઈર્ષ્યા, (ધનંજય), વ્યાધિ, નિર્ધનતા, નિન્દા, આક્રોશ (સાગરનન્દી) દરિદ્રતા, વ્યાધિ, દુ:ખ, પ્રિયજન વિયોગ, અન્યની વૃદ્ધિ, ઈર્ષ્યા, તત્ત્વજ્ઞાન (શારદાતનય) ક્લેશ અર્થાત દરિદ્રતા, વ્યાધિ, અપમાન, ઈર્ષ્યા, ભ્રમ, ફિટકાર, ઇષ્ટવિયોગ, માર, અન્ય ઐશ્વર્ય દર્શન વિગેરે (રામચંદ્ર-ગુણચંદ્ર) તત્ત્વજ્ઞાન, આપત્તિ ઈર્ષ્યા (વિશ્વનાથ) નીચલા દરજ્જાના પાત્રોમાં બીજા ગાળ દે, અપમાન કરે, મારપીટ, દારિદ્ર, પ્રિયજન વિરહ, અન્ય ઉત્કર્ષ દર્શન તથા ઉત્તમ પાત્રોમાં અવહેલનાથી (જગન્નાથ) તત્ત્વજ્ઞાન, દુર્ગતિ, આપત્તિ, ઈર્ષ્યા, વિપ્રયોગ, નૈષ્ફલ્ય) મતિ, (સિંગભૂપાલ) તત્ત્વજ્ઞાન, પરિજિહીર્ષા (રસતરંગિણીકાર) | રુદન, નિસાસા, ઉચ્છ્વાસ, સંપ્રધારણ અર્થાત ચિંતન, યોગ્ય અયોગ્યનો વિવેક અથવા નિશ્ચય કરવો તે (ભરતમુનિ) સંપ્રધારણ, નિ:શ્વાસ, બાષ્પ પરિપ્લુત નયન, પુન: નિશ્વાસ, દીન મુખ-નેત્ર, યોગીની જેમ ધ્યાનસ્થ (પરંપરિત આર્યા) લૌકિક પદાર્થોની અવહેલના ચિન્તા, નિ:શ્વાસ-ઉચ્છ્વાસ, અશ્રુ, વિવર્ણતા (ધનંજય) સંપ્રધારણ, નિ:શ્વાસ, ધ્યાન (સાગરનન્દી) વારંવાર અંદર ને અંદર રડવું, ધ્યાન, નિ:શ્વાસ, પોતાની જાતને ધિક્કારવી, દીનતા, ગદ્‌ગદિત વાણી, વિવર્ણતા (શારદાતનય) નિ:શ્વાસ, સંતાપ, ચિન્તા, અશ્રુ, વિવર્ણતા (રામચંદ્ર-ગુણચંદ્ર) દીનતા, ચિન્તા, અશ્રુ, દીર્ઘશ્વાસ, વિવર્ણતા, ઉચ્છ્વાસ (વિશ્વનાથ) રુદન, નિસાસા, દયામણું મો (જગન્નાથ) ખેદનો પ્રકાશ કરવો, ચિંતા કરવી, અશ્રુપાત (રસતરંગિણીકાર) |

(૨) ગ્લાનિ ઉલટી, ઝાડા, માંદગી, તપ, વ્રત, ઉપવાસ, માનસિક સંતાપ, અતિશય કામક્રીડા, અતિશય મદ્યપાન, અતિશય કસરત, કે મહેનત, લાંબી મુસાફરી, ભૂખ, તરસ, નિદ્રાનો અભાવ, (ભરતમુનિ) ઉલટી, ઝાડા, માંદગી, તપ, ઘડપણ, (પરંપરિત આર્યા) રતિકળાના અભ્યાસથી ભૂખ, તરસ, પરિશ્રમ (ધનંજય) સંતાપ, વ્યાધિ, ક્ષુધા, પરિમિત આહાર (સાગરનન્દી) રેચન, વમન,જાગરણ, અતિશય કામભાવ, લાંબા રસ્તાને લીધે થાક, ઉપવાસ, સંતાપ, ક્ષુધા પિપાસા (શારદાતનય) વાર્ધક્ય, શ્રમ, વ્યાધિ, વમન, વિરેચન, ભુખ, તરસ વિગેરે શારીરિક પીડાઓ, વ્યાયામ, માર્ગ, ગમન અને સુરતક્રીડા વિગેરેને કારણે થતો શારીરિક ક્લેશ (રામચંદ્ર-ગુણચંદ્ર) રતિ, પરિશ્રમ, મનસ્તાપ, ભૂખ, તરસ (વિશ્વનાથ), શારીરિક તથા માનસિક રોગને લઇને આવતી નબળાઇ (જગન્નાથ) આધિ, વ્યાધિ, જરા, તૃષ્ણા, વ્યાયામ, રતિક્રિડા, જન્ય નિષ્પ્રાણતા (સિંગભૂપાલ) રતિજન્ય શ્રમ, તૃષા, ક્ષુધા (રસતરંગિણીકાર)

દુર્બળ અવાજ, ફીકી આંખો, ફીકો ચહેરો, ધીમાં ડગલાં, ધ્રુજારી, ઉત્સાહનો અભાવ, શરીર અને અંગોની ફીકાશ, બેસી ગયેલો ઘાંટો (ભરતમુનિ) શરીરની કૃશતા, ધીમી ચાલ, ગાત્રોનો કંપ, અત્યંત દુર્બળ ઘાંટો, નેત્રવિકાર, વારંવાર અંગોની શિથિલતા, (પરંપરિત આર્યા) વિવર્ણતા, કંપ, અનુત્સાહ (ધનંજય) દુબળા પડી જવું, મોઢું ઉતરી જવું, જડવત્ થઇ જવું, શરીર ઢીલું પડવું (સાગરનન્દી) કંપન, અનુત્સાહ, વૈવર્ણ્ય, સ્વેદક્ષ પદવિક્ષેપની મન્દતા, વચનની દુર્બળતા, નેત્રસંચાર, અંગોની શિથિલતા, શ્વાસ લેવો, (શારદાતનય) શારીરિક દુર્બળતા, કાર્શ્ય, કમ્પ, અવાજ ન નીકળવો, પગ ધીમેથી ઉપાડવો, વિવર્ણતા અને અનુત્સાહ (રામચંદ્ર ગુણચંદ્ર) કમ્પન, કામ કરવામાં અનુત્સાહ, (વિશ્વનાથ) ફીકાપણું, શરીર શિથિલ થવું, આંખો ચકળવકળ થવી (જગન્નાથ) ક્ષામ અંગ, વચન તથા ક્રિયા, અનુઉત્સાહ, વૈવર્ણ્ય, નયન ભ્રમણ (સિંગભૂપાલ) વૈવર્ણ્ય, શિથિલપણું, દૃષ્ટિ ભ્રમણ (રસતરંગિણીકાર)

(૩)
**શંકા**

ચોરી, લૂંટ, રાજાનો અપરાધ, પાપકર્મનું આચરણ (ભરતમુનિ) ભયાનક રસમાં ચોરીથી અને શૃંગાર રસમાં પ્રિયજનના અપ્રિય આચરણથી, (પરંપરિત આર્યા) અન્યની ક્રૂરતા પોતાનોજ દુર્વ્યવહાર (ધનંજય) પાપ કે અનુચિત આચરણ (સાગરનન્દી) ચોરી પકડવી, પાપ આચરણ તથા રાજાનો અપરાધ (શારદાતનય) પોતાના અથવા અન્યોના 'દૌરાત્મ્ય' અર્થાત દુષ્કર્મો (રામચંદ્ર-ગુણચંદ્ર) અન્યની ક્રૂરતા તથા પોતાના દોષ (વિશ્વનાથ) રાજાનો અપરાધ, કામદેવનો અપરાધ (જગન્નાથ) ચોરી, અપરાધ, (સ્વ-અનિષ્ટ ઉત્પ્રેક્ષણ (સિંગભૂપાલ) તીક્ષ્ણ કોટિવાળા અનિષ્ટનું ચિંતન, ઇષ્ટ વસ્તુની હાનિનો વિચાર, દુષ્ટ ન્યાય તથા અન્યની ક્રૂરતા (રસતરંગિણીકાર)

વારંવાર અવલોકન, અનિશ્ચિત ચાલ, મોઢું સુકાવું, જીભથી હોઠનું ચાટવું, ફીકાશ, ઘાંટો બેસી જવો, ધ્રુજારી, સૂકા હોઠ તથા બોલતા મહેનત પડવી (ભરતમુનિ) કુશળ યુક્તિ પ્રયુક્તિ તથા હાવભાવ વડે આકાર (દેહસ્વરુપ) છુપાવવો, ચહેરો શ્યામ પડી જવો, જીભ મોટી અને આગળ આવી ગયેલી, અંગો સહેજ કંપારીવાળા, નીચું મુખ કરી પડખે જોયા કરવું. (પરંપરિત આર્યા) શરીર કાંપવું અને શોષ પડવો, ચિન્તાયુક્ત દૃષ્ટિ-વિક્ષેપ, વિવર્ણતા, સ્વરભેદ (ધનંજય) ચારે તરફ જોવું; કાંપવું (સાગરનન્દી) સ્વરભેદ, અશ્રુ, વૈવર્ણ્ય, ગળું સુકાવું, સંકોચવું, પડખે જોવું, જીભ ચાટવી, ઉરુકંપન, દેહ છૂપાવવો (શારદાતનય) શ્યામતા, વારંવાર જોવું, મુખ ઢાંકી દેવું, મુખ-ઓષ્ઠ-કણ્ઠ સુકાવવો, જીભ ચાટવી, કાંપવું, ચંચળ દૃષ્ટિ (રામચંદ્ર-ગુણચંદ્ર) વિવર્ણતા, કમ્પ, સ્વરભંગ, અહીં તહીં જોવું, કંઠ સુકાવવો (વિશ્વનાથ) મોં ફીકું પડી જવું. (જગન્નાથ) પાર્શ્વદર્શન, મુખશોષણ, અવકુંઠન, વૈવર્ણ્ય (સિંગભૂપાલ) કંપન, તથા ક્રિયા છુપાવવી. (રસતરંગિણીકાર)

(૪)
**અસૂયા**

જાતજાતના અપરાધ, દ્વેષ, તથા પારકાનું ઐશ્વર્ય, સૌભાગ્ય, બુધ્ધિ વિલાસ જોવાથી (ભરતમુનિ) પારકાનું સૌભાગ્ય, સત્તા, બુધ્ધિ તથા વિલાસમાં ચઢિયાતાપણું જોઇ અપરાધી મનુષ્યમાં (પરંપરિત આર્યા)

સભામાં અન્યના દોષો પ્રગટ કરવા, ગુણનું ખંડન કરવું, ઇર્ષ્યા ભરી દૃષ્ટિથી જોવું, નીચું જોઇ ભ્રકુટિ ચઢાવવી, તિરસ્કાર કરવો, નિંદા કરવી (ભરતમુનિ) વાંકી ભ્રકુટિ કરી મો ચઢાવીને ઇર્ષ્યાસહિત ક્રોધવાળી આંખોથી બીજાના ગુણોનું વાંકું

ઉન્નતિ ન સહી શકવી, ગર્વ, દુષ્ટ સ્વભાવ, તથા ક્રોધ (ધનંજય) અન્યનો વૈભવ તથા સંપત્તિ અથવા અપરાધ (સાગરનન્દી) બીજાના સૌભાગ્ય, ઐશ્વર્ય, મેધા, લીલા, ઉત્કર્ષ તથા અપરાધોનું અન્વેષણ (શારદાતનય) અન્ય વ્યક્તિ તરફ દ્વેષ,, અન્ય વ્યક્તિના અપરાધ, વર્ગ, સૌભાગ્ય, વિદ્યા, લીલા વિગેરેના દર્શનથી (રામચંદ્ર-ગુણચંદ્ર) ઔધ્ધત્યને કારણે બીજાની ગુણવૃધ્ધિ સહન ન થવી (વિશ્વનાથ)બીજાનો ઉત્કર્ષ જોવો (જગન્નાથ) બીજાનું સૌભાગ્ય, સંપત્તિ, વિદ્યા, શૌર્ય, જોવાથી (સિંગભૂપાલ) ક્રોધ તથા દુર્જનતા (રસતરંગિણીકાર)

બોલી તીવ્ર દ્વેષ દર્શાવવો (પરંપરિત આર્યા) અન્યના દોષ કાઢવા, અવજ્ઞા કરવી, ભ્રમર ચઢાવવી, ક્રોધસૂચક ચેષ્ટાઓ (ધનંજય) બીજાના ગુણો ઢાંકવા દ્વેષ તથા નિન્દા કરવી (સાગરનન્દી) દોષકથન, મુખ નીચું કરવું, ભ્રમર ચઢાવવી, આંખો ના મિલાવવી, ઇર્ષ્યાના કારણે મો ફેરવી લેવું તથા અવહેલના કરવી (શારદાતનય) અન્ય દોષદર્શન, ભ્રૂભંગ, અપમાન, ગુણો ઢાંકવા, મન્યુ તથા ક્રોધ (રામચંદ્ર-ગુણચંદ્ર) દોષકથન, ભ્રૂકુટિભંગ, તિરસ્કાર ક્રોધ (વિશ્વનાથ) નિંદા કરવી (જગન્નાથ) દોષારોપ, મુખો પવર્તન, ભ્રૂભેદ, અનાદર (સિંગભૂપાલ) કોપ, ચેષ્ટા તથા દોષનું ઉદ્ભાવન (રસતરંગિણીકાર)

(૫)
મદ

મધનો ઉપયોગ (ભરતમુનિ) મદિરા સેવન (ધનંજય) મધપાન (સાગરનન્દી) મધનો ઉપભોગ, ઐશ્વર્ય, વિદ્યા, જન્મ તથા ઉત્તમ સ્ત્રી દ્વારા આલિંગન (શારદાતનય) મધ આદિ સેવન (વિશ્વનાથ) આનંદ, સંમોહ, સંભેદ, મદિરા (સિંગભૂપાલ) મધપાન (રસતરંગિણીકાર)

કોઇ મત્ત બનીને ગાય છે, કોઇ રડે છે, કોઇ હસે છે, કોઇ કઠોર વચનો બોલે છે, તો કોઇ ઉંઘે છે. ઉત્તમ પ્રકૃતિના પાત્રો સુઇ જાય છે, મધ્યમ પ્રકૃતિના પાત્રો ગાય છે અને હસે છે તથા અધમ પ્રકૃતિના પાત્રો ગાળો બકે છે તથા રડે છે. (પરંપરિત આર્યાઓ) ઉત્તમ પાત્ર સુઇ જાય છે, મધ્યમ પાત્ર ઠઠ્ઠા મશ્કરી કરે છે તથા અધમ પાત્ર રડે છે (ધનંજય) ઉત્તમ પાત્ર નિદ્રા લે છે, મધ્યમ ગીત ગાય છે તથા હસે છે, અધમ ગાળ બોલે છે અને રડે છે. (સાગરનન્દી) ઉત્તમ પાત્ર સુઇ જાય છે, મધ્યમ ગાય છે, હસે છે તથા નીચ પાત્ર રડે છે (વિશ્વનાથ)

ઉત્તમ મનુષ્યો તો ઉંઘ, મધ્યમ હોય તો હાસ્ય તથા ગાન અને નીચલા દરજ્જાનો હોય તો રુદન તથા કઠોર ભાષણ (જગન્નાથ) ઉત્તમ પાત્ર સુવે છે. મધ્યમ પાત્ર નાચે, ગાય છે, અધમ પાત્ર હસે છે - રડે છે (શારદાતનય) ઉત્તમ પાત્ર નિદ્રા, મધ્યમ પાત્ર હાસ્ય અધમ પાત્ર રુદન (રામચંદ્ર-ગુણચંદ્ર) ઉત્તમ પ્રકૃતિ સુવે, મધ્યમ હસે ગાય, અધમ તથા ગ્રામ્ય ગાળ બોલે રડે (સિંગભૂપાલ) ઉત્તમને નિદ્રા, મધ્યમને હસવું તથા અધમને રોવું આવે છે. (રસતરંગિણીકાર)

(અ)
<u>તરુણ મદ</u> મદ્યપાન

સ્મિતવદન, મધુર રાગ, હૃષ્ટ તનુ, થોથવાતી જીભ, સુકુમાર અને આવિધ્ધ ગતિ (પરંપરિત આર્યા) ઉત્તમ પ્રકૃતિના પાત્ર મત્ત બની, હર્ષને કારણે પરસેવાથી રેબઝેબ થઇ જાય છે, વદન પ્રફુલ્લિત બને છે, અસ્પષ્ટ પદાવલીથી યુક્ત વચનોનો પ્રયોગ કરે છે, અન્યથા વાક્ય પ્રારંભ કરે છે, અન્ય વાણી બોલે છે, કોઇ એકને જોયા કરે છે, ભુજાઓ વડે સહારો લે, છે, ભીંતનો ટેકો લે છે તથા પગ ત્રાંસા મૂકે છે, આંખો ચંચળ કીકીયુક્ત, પાતળી કનીનિકા તથા વિકસિત અપાંગવાળી રહે છે.(શારદાતનય) સ્મિતવદન, ચહેરા પર રતાશ, રોમાંચ, અસ્ત-વ્યવસ્થ વચન, સુકુમાર ગતિ, (રામચંદ્ર-ગુણચંદ્ર) અસ્પષ્ટ તથા અસંબધ્ધ વાક્યો, સહેજ લથડતી ગતિ (જગન્નાથ) મધુર દૃષ્ટિ, મુખ રાગ, સસ્મિતકુલિત વચન, લલિત અને આવિધ્ધ ગતિ (સિંગભૂપાલ)

(બ)
<u>મધ્ય મદ</u> મદ્યપાન

સ્ખલિત અને ઘૂર્ણિત નયન, અર્થાત્ ઘેનભર્યાં ચકળવકળ ડોળા, ઢીલા પડી ગયેલા હાથ ગમે તેમ અસ્વસ્થપણે ઉછળતા, વાંકોચુંકો અને અતિશય લથડતી ચાલ (પરંપરિત આર્યા) મધ્યમ પ્રકૃતિનું પાત્ર મત્ત બની

| | | |
|---|---|---|
| | | લથડિયા ખાતી, અવિલંબિત ગતિ, અસ્થિર પદ સંચરણ, શિથિલ બાહુઓનો વિક્ષેપ, શૂન્યમાં તાકતી દૃષ્ટિ, સંયુક્ત પદોનું ઉચ્ચારણ, શબ્દે શબ્દે વિસ્મૃતિ, આકાશ-લક્ષિત વચનપ્ર આકાશનું અવલંબન, આંખો સંકોચાયેલી, ભયથી ઢંકાયેલી, ચંચળ કીકીવાળી, કંપનયુક્ત તથા અર્ધખુલ્લી (શારદાતનય) જમીન ઉપર પડવું, ચક્કર આવવા, હાથ ઢીલા થઇ જવા તથા લથડવા (રામચંદ્ર-ગુણચંદ્ર) હાથમાં ચાળા કરવા, લથડતા ચાલવું, ચક્કર આવવા (જગન્નાથ) વાચાસ્ખલન, ચકળવકળ ડોળા, વિકૃતિ ગમન, બાહુવિક્ષેપ (સિંગભૂપાલ) |
| (ક)<br>અવકૃષ્ટ મદ મદ્યપાન | | સ્મૃતિનાશ, ચાલવાની અશક્તિ, ઉલટી-હેડકી, કફ વડે બીભત્સ દેખાવ, મોટી લબડતી જીભ, વારંવાર થૂંકવુ (પરંપરિત આર્યા) અધમ પ્રકૃતિનું પાત્ર મત્ત બને ત્યારે બેસી ગયેલો સાદ, સ્મૃતિનો નાશ, અસ્પષ્ટ સંભાષણ, ચેતનાવિહિન, એક ડગલું પણ ભરવા અશક્તિમાન, અપાન વાયુ છોડવો, છીંકવું, થૂંકવું, શ્વાસ લેવો, હેડકી આવવી, વારંવાર સૂવું, ગાવું, હસવું, રડવું તથા કઠોર વચન બોલવા, આંખો બંધ થવી, ખુલવી, વિકૃત થવી, અર્ધ-ખુલ્લી રહેવી, (શારદાતનય) અશ્રુ, થૂંકવુ, જીભ ધધવાવી, સ્મૃતિનાશ, ગતિભ્રંશ, વમન, હેડકી, કફ (રામચંદ્ર-ગુણચંદ્ર) ચાલવાનું બંધ થવું, સ્મૃતિ ન રહેવી, ડચકાં ખાવાં, ઉલટી થવી, (જગન્નાથ) ચેષ્ટા તથા ગતિભંગ, વિસંજ્ઞતા, શ્વાસ, હિડકી, કફ (સિંગભૂપાલ) |
| મદ | વિદ્યા, અભિજાત્ય, સંપત્તિ (શારદાતનય) | અનુત્તર ભાષણ, અવજ્ઞા, ગર્હિત વાક્ય, મિત્રોનો પણ પણ અનાદર (શારદાતનય) |
| | ઉત્તમ સ્ત્રી સાથે રતિ (શારદાતનય) | આંખોમાં હર્ષ અને રાગ, સૌરભ્ય, અંગલાવણ્ય, અહં-બુદ્ધિ તથા અનાદર |

| | | |
|---|---|---|
| (૬) શ્રમ | લાંબી મુસાફરી, અંગકસરત (ભરતમુનિ) લાંબી મુસાફરી તથા અંગ કસરત(પરંપરિત આર્યા) યાત્રા તથા રતિ (ધનંજય) લાંબી યાત્રા અથવા મહેનત કરવાથી (સાગરનન્દી) વ્યાયામ, નૃત્ય, દૂરની યાત્રા તથા સુરત સેવન(શારદાતનય) રતિક્રીડા, માર્ગગમન તથા વ્યાયામ (રામચંદ્ર-ગુણચંદ્ર) રતિ તથા માર્ગગમન (વિશ્વનાથ) અતિશય શારીરિક હિલચાલ(જગન્નાથ) માનસખેદ, અધ્વન, નૃત્ત તથા રતિક્રીડા (સિંગભૂપાલ) રતિક્રીડા તથા બહુ પંથ કરવો(રસતરંગિણીકાર) | અંગો દબાવવાં તથા મસળવાં, હાંફવું, બગાસાં ખાવાં, ધીમે ધીમે પગ ઉપાડવા, આંખને ચહેરો ઢાળો દેવાં, સીત્કાર કરવો (ભરતમુનિ) હાંફ તથા ખેદભરી ચાલ (પરંપરિત આર્યા) પરસેવો થવો, અવયવોમાં પીડા થવી, (ધનંજય) જાતે શરીર દબાવવું (સાગરનન્દી) શરીર દબાવવું, નિઃશ્વાસ છોડવો, પગે માલિશ કરવું, બગાસું ખાવું, મન્દ ગતિ, સીત્કાર તથા આંખ અને મુખ સંકોચવાં, (શારદાતનય) સ્વેદ, શોષ, મુખ સંકોચવું, બગાસું ખાવું, અંગોની મલિનતા, ધીમે ધીમે પગ ઉઠાવવો (રામચંદ્ર-ગુણચંદ્ર) શ્વાસ ચઢવો તથા નિદ્રા આવવી (વિશ્વનાથ) હાંફવું, આળસ મરડવી, ઉંઘ (જગન્નાથ) અંગમર્દન, નિઃશ્વાસ, પાદ સંવાહન, બગાસું, મન્દ ચહેરો, મુખ તથા નેત્ર સંકોચવા, સીત્કાર (સિંગભૂપાલ) સ્વેદ તથા અશક્તિ (રસતરંગિણીકાર) |
| (૭) આલસ્ય | ખેદ (થાક) વ્યાધિ, ગર્ભાવસ્થા, સ્વભાવ, શ્રમ, અતિતૃપ્તિ (ભરતમુનિ) ખેદ, (પરંપરિત આર્યા) શ્રમ, ગર્ભનો ભાર (ધનંજય)ખેદ, શોક, વ્યાધિ, શ્રમ (સાગરનન્દી)સ્વભાવ, ખેદ, સૌહિત્ય, વ્યાધિ, ગર્ભધારણ (શારદાતનય) બગાસું ખાવું, બેઠા બેઠા ખાવા સિવાય કોઇ કામ ન કરવું | કોઇ કાર્યમાં રુચિ ન લેવી, સુઇ જવું, બેસી રહેવું, નિદ્રા તથા તંદ્રાનુ સેવન કરવું (ભરતમુનિ) આહાર પરિત્યાગ તથા તમામ જરુરી કામો શરુ ન કરવાં (પરંપરિત આર્યા) બગાસું ખાવું, પડયા રહેવાની ઇચ્છા થયા કરવી (ધનંજય) આહારત્યાગ, આરંભ કરેલા કાર્યો છોડી દેવા (સાગરનન્દી) શિર-દર્દ, બગાસું, આંખો ચોળવી, શરીર તથા મનને રોકવું, સર્વ કાર્યોમાં અરુચિ, નિન્દ્રા તથા તન્દ્રાસેવન, શયન, આસન રાગ(શારદાતનય) શ્રમ, પેટ ભરેલું હોવું, સ્વભાવ, રોગ, ગર્ભધારણ (રામચંદ્ર-ગુણચંદ્ર) કંઇજ ન કરવું (જગન્નાથ) બગાસું ખાવું, એક જગ્યાએ બેસી રહેવું (વિશ્વનાથ) અંગભંગ, |

| | | |
|---|---|---|
| | | બગાસું, વિમર્દન, શય્યાસનપ્રિયતા, નિન્દ્રા, તન્દ્રા (સિંગભૂપાલ) કામકાજ કરવામાં કાયરપણું (રસતરંગિણીકાર) |
| (૮) દૈન્ય | દુર્ગતિ (ગરીબી) મનસંતાપ (ભરતમુનિ) ચિન્તા, ઔત્સુક્ય, દુઃખ(પરંપરિત આર્યા) દરિદ્રતા તથા તિરસ્કાર (ધનંજય) વિરહ, દુર્ગતિ, અપમાન, માનસિક સંતાપ (સાગરનન્દી) ઔત્સુક્ય, દુર્ગતિ, ચિન્તા તથા મનસ્તાપ (શારદાતનય) આપત્તિ, દુર્ગતિ, અપમાન, (રામચંદ્ર-ગુણચંદ્ર) દુર્ગતિ વિગેરે (વિશ્વનાથ) દુઃખ, દારિદ્રય, અપરાધ (જગન્નાથ) હૃદય સંતાપ, દુર્ગતિ (સિંગભૂપાલ) વિરહ અને દરિદ્રતા(રસતરંગિણીકાર) | ધૈર્યત્યાગ, શિરોપીડા, શરીર ભારે લાગવું, અન્યમનસ્કતા તથા વસ્ત્ર વિગેરેની નિર્મળતાનો ત્યાગ (ભરતમુનિ) સર્વ પ્રકારની (શરીર, વસ્ત્ર વિગેરેની) શુધ્ધતાનો ત્યાગ (પરંપરિત આર્યા) ચહેરાનો રંગ ફીકો પડી જવો, વસ્ત્રોની મલીનતા (ધનંજય) નિશ્ચેષ્ટ પડયા રહેવું, ગાત્રસંસ્કાર ન કરવાં (સાગરનન્દી) ચહેરાની કૃષ્ણતા અર્થાત મુખ કાળું પડી જવું, અવગુંઠન અર્થાત માથું તથા શરીર છુપાવવું, શરીરના સંસ્કારનો અભાવ, ગૌરવ ભૂલાવી દેવું, વસ્ત્રોની મલિનતા (રામચંદ્ર-ગુણચંદ્ર) મલિનતા (વિશ્વનાથ) પોતાને હલકો બતાવવો(જગન્નાથ) મલિન ગાત્રો, સ્તંભ (સિંગભૂપાલ) શરીરનું મલિનપણું, કલેશ, ક્ષુધા, તૃષા (રસતરંગિણીકાર) |
| (૯) ચિન્તા | ઐશ્વર્યનાશ, ઇષ્ટ દ્રવ્યની ચોરી, દરિદ્રતા(ભરતમુનિ) ઐશ્વર્યનો નાશ, પ્રિયવસ્તુની ચોરી અથવા નાશ તથા અંતર મનના સંક્ષેદો સંદેહો (પરંપરિત આર્યા) ઇષ્ટ વસ્તુની અપ્રાપ્તિ(ધનંજય) સંપતિ યા પ્રિયજનને હાનિ | નિઃશ્વાસ, ઉચ્છ્વાસ, સન્તાપ, ધ્યાનસ્થ બનવું, નીચે મોઢે ચિંતન, શરીરની કૃશતા(ભરતમુનિ) ઉચ્છ્વાસ, નિસાસા, સંતાપ, હૃદયશૂન્યતા, શુધ્ધતાનો અભાવ, ધૈર્યનો અભાવ (પરંપરિત આર્યા) જીવનની શૂન્યતા, શ્વાસ જોરથી ચાલવો, શારીરિક તાવ વધી જવો (ધનંજય) ધ્યાન ધરવું, મુખ ઝૂકાવવું, જોરથી શ્વાસ લેવો, સન્તાપ (સાગરનન્દી) નિઃશ્વાસ, ઉચ્છ્વાસ, નીચું |

| | | |
|---|---|---|
| | (સાગરનન્દી) ઐશ્વર્ય નાશ, દારિદ્રય, ઇષ્ટ દ્રવ્યનું અપહરણ (શારદાતનય) ઇષ્ટ વસ્તુની અપ્રાપ્તિ અથવા અનિષ્ટની પ્રાપ્તિ (રામચંદ્ર-ગુણચંદ્ર) હિતની અપ્રાપ્તિ (વિશ્વનાથ) ઇષ્ટ વસ્તુની અપ્રાપ્તિ, અનિષ્ટની પ્રાપ્તિ (જગન્નાથ) ઇષ્ટ વસ્તુની-અપ્રાપ્તિ, ઐશ્વર્ય ભ્રંશ (સિંગભૂપાલ) ઇષ્ટ વસ્તુની અપ્રાપ્તિ (રસતરંગિણીકાર) | મો રાખી ચિન્તન, સન્તાપ, શુન્ય ચિત્ત, કૃશતા, (રામચંદ્ર ગુણચંદ્ર) શુન્યતા, શ્વાસ, તાપ, (વિશ્વનાથ) ફીકાપણું, ભોંય ઉપર લીટી દોરવી, મો નીચે નમાવવું (જગન્નાથ) અધોમુખ, સન્તાપ, નિ:શ્વાસ, ઉચ્છ્વાસ (સિંગભૂપાલ) તાપ, વિવર્ણતા, અશ્રુ, શ્વાસ (રસતરંગિણીકાર) |
| (૧૦) મોહ | દૈવોપઘાત, દુ:ખ, ચોટ, વ્યાધિ, ભય, આવેગ, અગાઉના વેરનું સ્મરણ, (ભરતમુનિ) અયોગ્ય સ્થાનમાં ચોરોને જોવા, જાતજાતના ક્ષુભ થવા તેને રોકવાને અશક્તિમાન હોવું, વ્યસન (દુ:ખ)ની આકસ્મિક પ્રાપ્તિ, ચોટક્ષય તથા પાછલી-પૂર્વેની શત્રુતાનું સ્મરણ (પરંપરિત આર્યા) ભય, દુ:ખ, આવેશ તથા સ્મરણ (ધનંજય) આવનારી વિપત્તિ, આવેગ તથા વેરનું સ્મરણ (સાગરનન્દી) ચિત્તની શુન્યતા, પુર્વ વેર-સ્મૃતિ, મદ, દૈવી આપત્તિ મત્સર, ભય, પ્રહાર, આવેગ, | ચેતનનો અભાવ, ભ્રમણ, પડી જવું, ફેર આવવા, બરાબર જોઇ ન શકવું (ભરતમુનિ) તમામ ઇન્દ્રિયોનો સંમોહ, અથવા સર્વે ઇન્દ્રિયોની શુન્યતા, (પરંપરિત આર્યા) અજ્ઞાન, ભ્રમ, આઘાત, ઘુરકી ઘુરકીને જોવુ (ધનંજય) નીચે પડી જવું, બેહોશ થઇ જવું, ચક્કર ખાઇ પડી જવું, (સાગરનન્દી) નિશ્ચેષ્ટતા, પતન, વૈવર્ણ્ય, શરીર ચકરાવું, તમામ ઇન્દ્રિયો પરત્વે મોહ, નિ:શ્વાસ તથા નિશ્ચેતના (શારદાતનય), ચક્કરઆવવા, જમીન ઉપર પડવું ઇન્દ્રિયોનો વ્યાપારનો અભાવ (રામચંદ્ર-ગુણચંદ્ર) મૂર્ચ્છા, અજ્ઞાન, પતન, ચક્કર આવવા, અદર્શન (વિશ્વનાથ) ઇન્દ્રિયો નબળી પડવી, લજ્જા જતી રહેવી (જગન્નાથ) વિક્રિયા, [illegible] ઇન્દ્રિયોની શુન્યતા, નિશ્ચેષ્ટતા, અંગભ્રમણ, પતન, (સિંગભૂપાલ) વૈચિત્ય અર્થાત કાર્ય-અકાર્યનો અવિવેક, સ્તંભ, પાત, ઘુર્ણન, અદર્શન તથા વિસ્મરણ (રસતરંગિણીકાર) |

પ્રતિકાર કરવાની અશક્તિ
(શારદાતનય) મર્મ સ્થળે
આઘાત અથવા પ્રહાર, તીવ્ર
વેદના જેનો પ્રતિકાર
અશક્ય, ચોર, રાજા, સર્પ,
વાઘનું આક્રમણ, દેશ-વિપ્લવ,
આગ-પાણીનો ઉપદ્રવ,
શત્રુદર્શન (રામચંદ્ર-ગુણચંદ્ર)
ભય, દુઃખ, ગભરામણ,
અત્યંત ચિન્તા (વિશ્વનાથ)
ભય, વિયોગ, (જગન્નાથ)
આપત્તિ, ભીતિ, વિયોગ,
(સિંગભૂપાલ), ભય, આવેગ,
અનૌચિત્ય (રસતરંગિણીકાર)

(૧૧)
સ્મૃતિ

સ્વાસ્થ્ય, પાછલી રાતે ઉંઘ ઉડી જવી, સમાન વસ્તુનું દર્શન, ઉદાહરણ, ચિંતન, અભ્યાસ (ભરતમુનિ) સ્વાસ્થ્ય, અભ્યાસ, શ્રવણ તથા દર્શન (પરંપરિત આર્યા) સદૃશજ્ઞાન (ધનંજય) સ્વસ્થ ચિત્તે બેસવું (સાગરનન્દી) અસ્વસ્થતા, રાત્રિના પાછલા પ્રહરમાં નિદ્રાભંગ થવો, ચિન્તા, વારંવાર અભ્યાસ સમાન શ્રવણ તથા દર્શન (શારદાતનય) દૃષ્ટાભાસ તુલ્યદૃષ્ટિ, સદૃશ શ્રવણ,

શિરઃકંપન, અવલોકન, ભવાં ચઢાવવા (ભરતમુનિ) શિર ઉધ્વાહન અર્થાત માથું ઉંચુ કરવું, શિરઃકંપન તથા ભવાં ઉપર ચઢાવવાં, (પરંપરિત આર્યા) ભવા ચઢાવવાં (ધનંજય) ભ્રૂક્ષેપ, શિરઃકંપન (સાગરનન્દી) વારંવાર ભવાં ચઢાવવાં, શિરઃકંપન, સમાન વસ્તુનું અવલોકન, હર્ષ, મસ્તક ધૂણાવવું (શારદાતનય) ભવાં ચઢાવવાં, મસ્તક હલાવવું, જોવું (રામચંદ્ર-ગુણચંદ્ર) ભ્રૂસમુન્નયન (વિશ્વનાથ) ભમર ચઢાવવો, અવયવોની હિલચાલ બંધ કરવી (જગન્નાથ) પ્રકંપન, ધાવન, પતન, સ્તંભ, ભ્રમણ, નેત્રવિક્રિયા, સ્વઓષ્ઠ દંશ, ભુજા સ્ફોટ (સિંગભૂપાલ) ભ્રૂકુટિ ઉંચી કરવી (રસતરંગિણીકાર)

| | | |
|---|---|---|
| | ચિન્તા, સંસ્કાર, રાત્રિના પાછલા ભાગમાં ઉંઘ ઉડી જવો, ધ્યાન, વિચાર, દર્શનની તીવ્રતા (રામચંદ્ર-ગુણચંદ્ર) સદૃશજ્ઞાન, ચિન્તા (વિશ્વનાથ) સંસ્કાર, પૂર્વાનુભુત વસ્તુ સાથે સંબંધ, સદૃશજ્ઞાન (જગન્નાથ) ધાતુવૈષમ્યદોષ, ભૂતાવેશ, વિગેરેને કારણે ચિત્તક્ષોભ (સિંગભૂપાલ) સદૃશ એવું અદૃષ્ટ વસ્તુનું ચિન્તવન (રસતરંગિણીકાર) | |
| (૧૨) ધૃતિ | શૌર્ય, વિજ્ઞાન, શ્રુતિજ્ઞાન, વિભવ, પવિત્રતા, સદાચાર, ગુરુભક્તિ, અધિક દ્રવ્ય, લાભ, ક્રીડા, વિનોદ (ભરતમુનિ) વિજ્ઞાન, શૌર્ય, વિભવ, શ્રુતિ, શક્તિ પ્રાપ્તિ (ધનંજય) સુખ દુ:ખમાં સમભાવ (સાગરનન્દી) શૂરતા, વિજ્ઞાન, પવિત્ર આચાર, ગુરુભક્તિ, શ્રુતિપ્રભાવ, ક્રીડા તથા અર્થ પ્રાપ્તિ (શારદાતનય) જ્ઞાન અર્થાત વિવેકજ્ઞાન અથવા બહુશ્રુતતા, ઈષ્ટ પ્રાપ્તિ, શુધ્ધ આચરણ, ક્રીડા, દેવભક્તિ, વિશેષ | પ્રાપ્ત થયેલ વસ્તુઓનો ઉપભોગ, અપ્રાપ્ત, અતીત તથા નષ્ટ વસ્તુઓનો શોક ન કરવો (ભરતમુનિ) ભય, શોક તથા વિષાદનો અભાવ (પરંપરિત આર્યા) સ્થિર રહેવું, ચંચળ ન બનવું (સાગરનન્દી) પ્રિય-અપ્રિયમાં વિકાર ન થવો, તત્કાલીન ઉચિત કર્મ કરવું, અપ્રાપ્ત, અતીત, નષ્ટ વિષયોનો લાભ ન થાય તો શોક, દેહપુષ્ટિ, વીતેલી વાતનો શોક ન કરવો (રામચંદ્ર-ગુણચંદ્ર) સંતૃપ્તતા, આનન્દપૂર્ણ વચનાવલી, મધુર સ્મિત તથા બુધ્ધિ વિકાસ (વિશ્વનાથ) અવિવેકીપણાનો ત્યાગ, (જગન્નાથ) મળે તેનો ખુબ હર્ષ નહીં ના મળે તેનો શોક નહીં (સિંગભૂપાલ) અવ્યગ્ર, ભોગ (રસતરંગિણીકાર) |

શક્તિ, (રામચંદ્ર-ગુણચંદ્ર) તત્વજ્ઞાન, તથા ઇષ્ટ પ્રાપ્તિ (વિશ્વનાથ) વિવેક, તથા વિદ્યાની સંપત્તિ (જગન્નાથ) જ્ઞાન, વિજ્ઞાન, ગુરુભક્તિ, નાના અર્થ સિદ્ધિ (સિંગભૂપાલ) બુદ્ધિ, જ્ઞાન, શક્તિ (રસાતરંગિણીકાર)

(૧૩)
<u>વ્રીડા</u>

ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન, કે તેની અવજ્ઞા, આપેલું વચન ન પાળવું, પશ્ચાતાપ, (ભરતમુનિ) દુષ્કર્મ, (પરંપરિત આર્યા) દુરાચાર (ધનંજય) પ્રતિજ્ઞાભંગ, પાપ આચરણ, પુજ્યજનની આજ્ઞા ન માનવી, (સાગરનન્દી) અનુચિત કાર્ય કરવું, અજ્ઞાન, ગુરુજનોની આજ્ઞા વિગેરેનું ઉલ્લંઘન, પ્રતિજ્ઞા પાળી ના શકવી તથા ત્યાગમાં વારંવાર દુ:ખી થવું (શારદાતનય) અનુતાપ અર્થાત અયોગ્ય કામ કર્યાં પછી થતો માનસિક સંતાપ, પ્રતિજ્ઞા પુરી ન કરી શકવી, ગુરુની મર્યાદાનું ઉલ્લંઘન, અપમાન તથા અપરિચય (રામચંદ્ર-ગુણચંદ્ર) નિકૃષ્ટ આચાર વ્યવહાર (વિશ્વનાથ) સ્ત્રીઓમાં પુરુષના મો તરફ જોઇને પુરુષોમાં કરેલી પ્રતિજ્ઞાનો ભંગ, અપમાન (જગન્નાથ), અકાર્ય કરવું, અવજ્ઞા કરવી, અપ્રતિકાર (સિંગભુપાલ) દુરાચાર (રસાતરંગિણીકાર)

મો સંતાડવું, નીચું મોઢું કરી વિચાર કરવો, ભોંય ખોતરવી, વસ્ત્ર અને વીંટીને સ્પર્શ કરવો, નખ કરડવા (ભરતમુનિ) લજ્જાને કારણે મો નીચું કરવું, નખ વડે જમીન ખોતરવી, વીંટીને વારંવાર સ્પર્શ કરવો (પરંપરિત આર્યા) ધૃષ્ટતાનો અભાવ (ધનંજય) મસ્તક નમાવી લજ્જા અનુભવવી, નખ ખોતરવા, આંગળીઓ દબાવવી, જમીન ખોતરવી (સાગરનન્દી) જમીન ઉપર લખવું, ચિન્તન, મો નીચું કરવું, અસ્પષ્ટ વાક્ય બોલવું, નખ ખોતરવા, વસ્ત્ર અને વીંટીને સ્પર્શ કરવો, દુરથીજ ઘુમટો તાણવો, ક્યાંય પણ બહાર ન જવું, બધી જગ્યાએ રોકાવું નહીં (શારદાતનય) ઉદ્દણ્ડતાનો અભાવ, ગાત્રગોપન, મસ્તક નમાવી વિચાર કરવો, નખ ચાવવા, જમીન ખોતરવી, વસ્ત્રો યા વીંટીને સ્પર્શ કરવો, (રામચંદ્ર-ગુણચંદ્ર) મુખ નીચું કરવું (વિશ્વનાથ) શરીર ફીકું પડવું, મો નીચું નમી જવું (જગન્નાથ) નિગૂઢ ઉક્તિ, અધોમુખ ચિન્તન, અવગુણ્ઠન, નખ, આંગળા કરડવાં (સિંગભૂપાલ) મસ્તક નમાવવું. (રસાતરંગિણીકાર)

(૧૪)
चપલતા

રાગ, દ્વેષ, મત્સર, અમર્ષ, ઈર્ષ્યા, પ્રતિકુળતા (ભરતમુનિ) રાગ, દ્વેષ, માત્સર્ય (ધનંજય) અમર્ષ, દ્વેષ, ઈર્ષ્યા (સાગરનન્દી) પ્રતિકૂળતા, ઈર્ષ્યા, મત્સર, દ્વેષ, રાગ (શારદાતનય) સાહસ, જડતા (રામચંદ્ર-ગુણચંદ્ર) મત્સર, દ્વેષ, રાગ (વિશ્વનાથ) અમર્ષ, (જગન્નાથ) રાગ, દ્વેષ, (સિંગભૂપાલ) માત્સર્ય, દ્વેષ, રાગ (રસતરંગિણીકાર)

કઠોર વાણી, નિંદા, તિરસ્કાર, વધ, બંધન, ફટકા, સપાટા (ભરતમુનિ) ભર્ત્સના, કઠોર વચન, સ્વચ્છન્દ આચરણ (ધનંજય) તાડન, સંભ્રમ, અન્ય બાજુએ ગમન (સાગરનન્દી) અસાવધાની, તાડન, બંધન, વધ, ભર્ત્સના, દણ્ડ, કઠોરતા તથા અપમાન (શારદાતનય) સ્વચ્છન્દ આચરણ, કઠોર વચન, મારપીટ, વધ-બન્ધન (રામચંદ્ર-ગુણચંદ્ર) બીજાને ધમકાવવા, કઠોર શબ્દો બોલવા તથા ઉચ્છૃંખલ આચરણ (વિશ્વનાથ) કઠોર વચન (જગન્નાથ) અવિચારી ચેષ્ટા, કઠોર ઉક્તિ, પરિરંભ અવલંબન, તાડન (સિંગભૂપાલ) વૈરીદર્શન, કઠોરવાણી તથા પ્રહાર (રસતરંગિણીકાર)

(૧૫)
હર્ષ

મનોરથની પ્રાપ્તિ, ઈષ્ટજનનો સમાગમ, મનનો પરિતોષ, દેવ-ગુરુ, રાજા કે માલિકની કૃપા, ભોજન, વસ્ત્ર કે ધનનો લાભ અને તેનો ઉપભોગ (ભરતમુનિ) અપ્રાપ્યની પ્રાપ્તિ, અર્થલાભ, પ્રિય સમાગમ અથવા અંતરની ઈચ્છા ફળવી (પરંપરિત આર્યા) પ્રિયનું આગમન, પુત્રજન્મ (ધનંજય) મનોરથ પુર્તિ તથા સંતોષ પ્રાપ્તિ- (સાગરનન્દી) અભીષ્ટ વસ્તુનો સમાગમ, પ્રિયજન-સમાગમ, દેવના, ગુરુ તથા સ્વામીની

આંખ અને મુખની પ્રસન્નતા, પ્રિય બોલવું, આલિંગન, રોમાંચ, હરખનાં આંસુ, પરસેવો (ભરતમુનિ) આંખ અને ચહેરાની પ્રસન્નતા, પ્રિય ભાષણ, આલિંગન રોમાંચ, લાલિત્યભરી અંગચેષ્ટા, સ્વેદ (પરંપરિત આર્યા) આંખમાં આંસુ આવવા, પરસેવો વળવો, ગદ્ગદ્ વચન બોલવા (ધનંજય) આંખ અને મુખની પ્રસન્નતા, રોમાંચ, અસ્પષ્ટ સંભાષણ (સાગરનન્દી) રોમાંચ, આલિંગન, ખેદ, લલિત-કર-તાડન, નયન તથા વદનની પ્રસન્નતા, મધુર ભાષણ, ત્યાગ, તથા દાન પ્રબન્ધ (શારદાતનય) સ્વેદ, અશ્રુ, ગદ્ગદિત વાણી, રોમાંચ, પ્રિય ભાષણ, આંખ અને મુખની પ્રસન્નતા (રામચંદ્ર-ગુણચંદ્ર)

| | | |
|---|---|---|
| | પ્રસન્નતા, સુંદર ભોજન, અચિન્ત્ય, અભીષ્ટ અર્થપ્રાપ્તિ (શારદાતનય) પ્રિય સંયોગ, અપ્રિય સંયોગથી નિવૃત્તિ, દેવતા, ગુરુ, રાજા અથવા સ્વામીની કૃપા, ભોજન, આચ્છાદન, વસ્ત્ર, ધન, પુત્ર વિગેરેની પ્રાપ્તિ, ઉપભોગ, ઉત્સવ, (રામચંદ્ર-ગુણચંદ્ર) ઇષ્ટ પ્રાપ્તિ (વિશ્વનાથ) ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ, (જગન્નાથ) મનોરથ લાભ, યોગ્ય વસ્તુની સિદ્ધિ, મિત્ર સમાગમ, દેવ, ગુરુ, રાજાની કૃપા (સિંગભૂપાલ) પ્રિયદર્શન, પુત્રજન્મ (રસતરંગિણીકાર) | આનંદાશ્રુ, ગદ્ગદ સ્વર (વિશ્વનાથ) મુખ વિકસિત થવું (જગન્નાથ) પ્રફુલ્લિત નેત્ર, પ્રિય ભાષણ, આશ્લેષ, રોમાંચ, સ્વેદ, હસ્તસંપીડન (સિંગભૂપાલ) રોમાંચ, અશ્રુ, સ્વરભેદ (રસતરંગિણીકાર) |
| (૧૬) આવેગ | ઉત્પાત, વાત, વર્ષા, અગ્નિ, કુંજર-ભ્રમર, પ્રિય-અપ્રિય શ્રવણ, વિપત્તિ તથા પ્રહાર(ભરતમુનિ) | |
| | (૧) ઉત્પતિ જન્ય આવેગ : | |
| | વિજળીના કડાકા અથવા ખરતા તારાનું પતન, પવનના સુસવાટા (નિર્ઘાત), ઝાડ વગેરે ઉખડી જવાં (પ્રપતન), ચંદ્ર સુર્યનું ગ્રહણ તથા ધુમકેતુનું દર્શન (ભરતમુનિ) તારાનું પતન શનિ નક્ષત્રનું દર્શન તથા ભૂકંપ (શારદાતનય) ધનંજય, સિંગભૂપાલ, વિશ્વનાથ 'ઉત્પાત' ને આવેગનો વિભાવ માન્યો છે પણ વિવરણ આપ્યું નથી. | સર્વ અંગની શિથિલતા, મનની ખિન્નતા, ચહેરાની ફીકાશ, ખેદ, વિસ્મય (ભરતમુનિ) અંગોમાં શિથિલતા (ધનંજય) મુખની વિવર્ણતા, ભય, આશ્ચર્ય, ગભરાટ, વિષાદ, વૈમનસ્ય, સર્વાંગ કંપન (શારદાતનય) દેહ ઢીલો પડી જવો (વિશ્વનાથ) સર્વ અંગોની શિથિલતા (સિંગભૂપાલ) |

| | | |
|---|---|---|
| આવેગ | (૨) વાતજન્ય આવેગ : (ભરતમુનિ) ધનંજય, શારદાતનય, વિશ્વનાથ, સિંગભૂપાલ, વિગેરે આચાર્યોએ પણ 'વાત' અર્થાત વાયુ પવન, આંધીને આવેગનો વિભાવ માન્યો છે. | મોં ઢાંકવું, આંખો સાફ કરવી, વસ્ત્ર સંકોરવાં, (સોડિયું વાળવું )ઉતાવળ ચાલવું (ભરતમુનિ) ધૂળ-ધૂસરિત થવું, જલ્દી-જલ્દી ચાલવું(ધનંજય) શીઘ્ર-ગમન, વસ્ત્ર-આચ્છાદન, ઘૂમટો તાણવો, આંખો ચોળવી (શારદાતનય) ધૂળ વિગેરેથી વ્યાકુળતા (વિશ્વનાથ) |
| આવેગ | (૩) વર્ષાજન્ય આવેગ :(ભરતમુનિ) ધનંજય, શારદાતનય, સિંગભૂપાલ, વિગેરે આચાર્યોએ પણ 'વર્ષા'ને આવેગનો વિભાવ માન્યો છે. | બધા અંગો સંકડોડવા (ટૂંટિયું વાળવું) દોડવું, છાપરાવાળી કે ઢંકાયેલ જગ્યાનો આશ્રય શોધવો. (ભરતમુનિ) શરીર સંકોડવું, (ધનંજય) છત્રીગ્રહણ કરવી, પટાવનો આશ્રય, સર્વાંગમાં પીડા, પીડા સાથે દોડવું, બાહુ સ્વસ્તિક તથા ઉત્કટિત આસન, મસ્તક નમાવવું, શીઘ્રગતિ (શારદાતનય) |
| આવેગ | (૪) અગ્નિજન્ય આવેગ :(ભરતમુનિ) ધનંજય, શારદાતનય, વિશ્વનાથ, સિંગભૂપાલ વિગેરે આચાર્યોએ પણ અગ્નિને આવેગનો વિભાવ માન્યો છે. | ધૂમાડાથી વિકળ આંખો, અંગસંકોચ, શરીર ધ્રુજાવવું, લાંબે પગલે ઓળંગવું, ખસી જવું કે નાસવું (ભરતમુનિ) ધૂમાડાના કારણે વ્યાકુળતા (ધનંજય) પગ ફેંકવા, શરીરની વ્યાકુળતા, પંખો ફેરવવો, અશ્રુ, બગાસું, નિઃશ્વાસ (શારદાતનય) ધૂમાડાને કારણે વ્યાકુળતા (વિશ્વનાથ) |
| આવેગ | (૫) હાથીના ઉપદ્રવથી આવેગ: (ભરતમુનિ)ધનંજય, શારદાતનય, વિશ્વનાથ, સિંગભૂપાલ વિગેરે આચાર્યોએ પણ 'કુંજર-ભ્રમણ' અર્થાત હાથીઓની દોડાદોડી કે હાથીઓના ઉપદ્રવને આવેગનો વિભાવ માન્યો છે. | ઝડપથી ખસી જવું કે નાસવું, ચાલતાં ઠોકરો ખાવી, ભય, જડતા, ધ્રુજારી, પાછળ ફરીને જોવું, વિસ્મય, (ભરતમુનિ), ભય, સ્તમ્ભ, કમ્પ, ભાગવાનો પ્રયત્ન કરવો (ધનંજય) પાછળ જોવું, સ્તમ્ભ, ભય, કમ્પન, આશ્ચર્ય, શીઘ્રતાથી પાછળ હટવું, (શારદાતનય) સ્તમ્ભ તથા કમ્પ (વિશ્વનાથ) |

| | | |
|---|---|---|
| આવેગ | (૬) પ્રિય શ્રવણ જન્ય આવેગ: (ભરતમુનિ) ધનંજય, શારદાતનય વિશ્વનાથ, સિંગભૂપાલ વિગેરે આચાર્યોએ પણ પ્રિયશ્રવણ અર્થાત્ 'સારા સમાચાર' સાંભળવાં તેને આવેગનો વિભાવ માન્યો છે. | માન આપવા માટે સામે ઉઠવું, આલિંગન કરવું, વસ્ત્ર અને ઘરેણાં આપવાં, આંસું, રોમાંચ, (ભરતમુનિ) હર્ષ થવો (ધનંજય) વસ્ત્રાભૂષણ દાન, અશ્રુ, રોમાંચ, આલિંગન, અભ્યુત્થાન (શારદાતનય) હર્ષ (વિશ્વનાથ) |
| આવેગ | (૭) અપ્રિય શ્રવણ જન્ય આવેગ: (ભરતમુનિ), ધનંજય, શારદાતનય વિશ્વનાથ, સિંગભૂપાલ વિગેરે આચાર્યોએ પણ 'અપ્રિય શ્રવણ' અર્થાત 'માઠા સમાચાર' સાંભળવા તેને આવેગનો વિભાવ માન્યો છે. | જમીન પર પડી જવું, આડા અવળા ફરવું, ચારે કોર દોડવું, વિલાપ કરવો, રડવું (ભરતમુનિ) શોક (ધનંજય) વિલાપ, આક્રન્દ, જમીન ઉપર પડવું, રડવું, દોડવું તથા વિષયમ પરિવર્તન (શારદાતનય) શોક (વિશ્વનાથ) |
| આવેગ | (૮) પ્રકૃતિ વ્યસન જન્ય આવેગ: (ભરતમુનિ) | એકાએક નાસભાગ, શસ્ત્ર, ઢાલ અને બખ્તર ધારણ કરવાં, હાથી ઘોડા કે રથમાં બેસવું, યુદ્ધ-પ્રહાર કરવો. (ભરતમુનિ) |
| આવેગ | રાજ વિપ્લવ અથવા આક્રમણ (ધનંજય) શત્રુ આક્રમણ (શારદાતનય) શત્રુવ્યસન (સિંગભૂપાલ) રાજ્યપાલન વિગેરે (વિશ્વનાથ) | શસ્ત્રો શોધવા, હાથી ઘોડા સજાવવા (ધનંજય) હાથી, ઘોડા તથા રથ ઉપર ચઢવું, અસ્ત્ર-શસ્ત્ર, ગ્રહ ધારણ, અકસ્માત પાછળ હટવું (શારદાતનય) શસ્ત્ર તથા હાથીની તૈયારી (વિશ્વનાથ) |
| આવેગ | 'હર્ષ'ને વિશ્વનાથે આવેગનો વિભાવ માન્યો છે. | શરીર સંપિડન (સંકુચિત)(વિશ્વનાથ) |
| આવેગ | આગ લાગવી, તોફાન થવું, લગાતાર વર્ષા થવી, વિઘ્ન, ઉત્પન્ન થવું, હાથીની દોડાદોડી તથા અનિષ્ટકારી વસ્તુનું દર્શન અથવા શ્રવણ (સાગરનન્દી) | એકદમ ઉભા થઇ નાસવું, શસ્ત્રો ઉઠાવવા, ચારે બાજુ જોવું (સાગરનન્દી) |

| | | |
|---|---|---|
| આવેગ | (૧) અનકર્ય ઇષ્ટ: દેવતા, ગુરુ માન્ય, પ્રિય અથવા સંપત્તિની પ્રાપ્તિના સમાચાર સાંભળવા. (રામચંદ્ર-ગુણચંદ્ર) | (૧) અભ્યુત્થાન, રોમાંચ, આલિંગન, વસ્ત્ર પ્રદાન, હર્ષ-વિસ્મય, પ્રશંસા, શુભાકાંક્ષા (રામચંદ્ર-ગુણચંદ્ર) |
| | (૨) અનકર્ય અનિષ્ટ : આગ લાગવી, ભૂકંપ થવો, આંધી ઉઠવી, પૂર આવવું, હાથી, ચોર, સાપ તથા અરુચિકર વાત જોવી, સાંભળવી (રામચંદ્ર-ગુણચંદ્ર) | (૨) સર્વાંગ શિથિલ, મુખ વૈવર્ણ્ય, પિણ્ડાભાવ, દોડવું, આંખોમાં ગભરાટનો ભાવ, જલ્દીથી હટી જવું, પાછળ વળી વળીને જોવું, શસ્ત્ર ઉઠાવવા, પૃથ્વી ઉપર પડવું, કમ્પન, સ્વેદ, શરીરની નિષ્ક્રિયતા, શંકા, વિષાદ, ભય, અસંબદ્ધ પ્રલાપ (રામચંદ્ર-ગુણચંદ્ર) |
| આવેગ | અનર્થનો અતિરેક થવો (જગન્નાથ) | સ્થૈર્યનો અભાવ, ચિંતા (જગન્નાથ) |
| આવેગ | ઇષ્ટ તથા અનિષ્ટની અકસ્માત પ્રાપ્તિ, વૈરીદર્શન, અપ્રિય શ્રવણ, ઉત્પાત (રસતરંગિણીકાર) | ઉતાવળ કરવી, પડી જવું તથા વસ્ત્રઅલંકાર અવળાં ધારણ કરવાં. (રસતરંગિણીકાર) |
| (૧૭) જડતા | ઇષ્ટ અથવા અનિષ્ટ વસ્તુદર્શન અથવા શ્રવણ, વ્યાધિ (ભરતમુનિ) ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુ જોવી - સાંભળવી (ધનંજય) ઇષ્ટ અથવા અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ (સાગરનન્દી) ઇષ્ટ-અનિષ્ટ શ્રવણ તથા દર્શન, વ્યાધિ (શારદાતનય) ઇષ્ટ અર્થાત પ્રિય, તેનું દર્શન અને શ્રવણ, અનિષ્ટના દર્શન, શ્રવણ, વ્યાધિ (રામચંદ્ર-ગુણચંદ્ર) ઇષ્ટ તથા અનિષ્ટ દર્શન તથા શ્રવણ (વિશ્વનાથ) ચિંતા, ઉત્કંઠા, ભય, વિરહ, ઇષ્ટ અથવા અનિષ્ટ વસ્તુ જોવી તથા | કાંઇ ન બોલવું, વિગતે ન કહેવું, કેવળ મૌન રહેવું, ઉત્તર ન સૂઝવો, અનિમેષ જોયા કરવું, પરવશ થઇ જવું (ભરતમુનિ) અનિમેષ જોયા કરવું, ઝુકી જવું (ધનંજય) કોઇપણ ચેષ્ટા કર્યા વિના ચુપચાપ થઇ જવું (સાગરનન્દી) સુખદુ:ખ પરત્વે અવિવેક, પ્રિય-અપ્રિય કાર્યોમાં અનભિજ્ઞતા, મૌન રહેવું, હતપ્રભ થઇ જવું, એકોટશે જોવું, ન જોવું ન બોલવું, પરવશ થઇ જવું (શારદાતનય) કાર્યનું જ્ઞાન ન થવું અર્થાત આંખોથી જોવા છતાં અને કાનની સાંભળવા છતાં હવે શું કરવું તેનો નિશ્ચય ન કરી શકવો, મૌન રહેવું, અનિમેષ જોઇ રહેવું (રામચંદ્ર-ગુણચંદ્ર) એકોટશે જોઇ રહેવું, ચુપ થઇ જવું (વિશ્વનાથ) નિશ્ચિત શું કરવું ઘટે છે તેની સૂઝ ન પડવી |

| | | |
|---|---|---|
| ૫ | તથા સાંભળવી (જગન્નાથ) પ્રિય વાકય શ્રવણ, પ્રિયદર્શન, અપ્રિય શ્રવણ, અનિષ્ટ દર્શન, વિયોગ (સિંગભૂપાલ) ઇષ્ટ તથા અનિષ્ટ વસ્તુનું દર્શન (રસતરંગિણીકાર) | (જગન્નાથ) બોલવું, નિમેષ વગર એક નજરે જોઇ રહેવું, ઇષ્ટદ અનિષ્ટનો પરિચ્છેદ (રસતરંગિણીકાર) |
| (૧૮) ગર્વ | ઐશ્વર્ય, ઉચ્ચકુળ, રુપ, યૌવન, વિદ્યા, બળ, દ્રવ્યલાભ (ભરતમુનિ) વિદ્યા.પ્રાપ્તિ, રુપ કે પૈસો આવવાથી નીચ પાત્રમાં (પરંપરિત આર્યા) શ્રેષ્ઠ કુળ, સુંદરતા, ઐશ્વર્ય, પરાક્રમ (ધનંજય) યૌવન, સંપત્તિ તથા વિદ્યાને કારણે મધ્યમ પાત્રોમાં (સાગરનન્દી) વિદ્યા, બળ, ઐશ્વર્ય, અવસ્થા (વય), રુપ તથા ધન, (શારદાતનય) વિદ્યા, જાતિ, કુળ, લાભ, વૃધ્ધિ, વલ્લભતા, યૌવન, ઐશ્વર્ય (રામચંદ્ર-ગુણચંદ્ર) પોતાનો પ્રભાવ, ઐશ્વર્ય, વિદ્યા તથા કુલનતા (વિશ્વનાથ) રુપ, ધન, વિદ્યા (જગન્નાથ) ઐશ્વર્ય, રુપ, તારુણ્ય, કુળ, વિદ્યા, બળ, ઇષ્ટ લાભ (સિંગભૂપાલ) બળ, કુળ, ઐશ્વર્ય, લાવણ્ય (રસતરંગિણીકાર) | અસૂયા, અવજ્ઞા, રકઝક, જવાબ ન આપવો, (સામા જોડે) વાત ન કરવી, અંગનું અવલોકન, વિભ્રમ, નિષ્કારણ હાસ્ય, વાણીની કઠોરતા, વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન, મહેણાં ટોણાં કરવાં, વચનનો ભંગ કરવો (ભરતમુનિ) ઇષ્ટ અને અંગોની પ્રમત્તતા (પરંપરિત આર્યા) બીજાને ઘૃણાની દૃષ્ટિથી જોવું, અપમાન કરવું, વિલાસપૂર્વક પોતાના અંગો જોવા (ધનંજય) બીજાનું અપમાન કરવું, ઘૃણા કરવી (સાગરનન્દી) ઉત્તર ન આપવો, શૂન્ય દૃષ્ટિ, ન બોલવું, આશ્રિતો પરત્વે પણ અનાદર, બંને ભૂજાઓ તથા અંગ જોવાં, અસુયા, અમર્ષ, કઠોરતા, ઉપહાસ, ગુરુજનોની અવહેલના, અકારણ તિરસ્કાર, શરીરની વિકૃતિ (શારદાતનય) અન્યોની અવજ્ઞા, પારુષ્ય, અસૂયા, રુઆબ બતાવવો, ઉત્તર ન આપવો, પોતાનાં અંગો જોવાં, બીજાનો ઉપહાસ કરવો, ઘરેણાં અવળી જગ્યાએ ધારણ કરવાં (રામચંદ્ર-ગુણચંદ્ર) અન્યોની અવજ્ઞા કરવી, વિભ્રમ સહિત અંગો જોવાં, અવિનય કરવો (વિશ્વનાથ) પારકાની અવહેલના (જગન્નાથ) બીજાની અવજ્ઞા, ગુરુ વિગેરેની આજ્ઞા ઉલ્લંઘવી, અનુત્તર, વિમુખ, |

| | | |
|---|---|---|
| | | ભાષણ, વિભ્રમ સહ જોવું, નિજ અંગ જોવાં (સિંગભૂપાલ) અવજ્ઞા, ભ્રુકુટિવાળી દૃષ્ટિ, ચેષ્ટિત, હસિત, પોતાના પુરુષાર્થનો પ્રકાશ કરવો. (રસતરંગિણીકાર) |
| (૧૯) વિષાદ | કામ પાર ન પડવું, દૈવની આફત (ભરતમુનિ) કામ પાર ન પડવું, ચોરીને કારણે કેદમાં પડવું, સંપત્તિ લુંટાઇ જવી; રાજા દ્વારા ક્ષતિ (રાજકીય ગુન્હો) દુર્ભાગ્યને કારણે અર્થનાશ (પરંપરિત આર્યા) આરંભ કરેલા કાર્યમાં સફળતા ન મળવી (ધનંજય) કોઇ આપત્તિ આવી પડવાથી, પોતાનું કર્તવ્ય બરાબર ન કરવાથી (સાગરનન્દી) કાર્ય ન થવું દૈવી-આપત્તિ, રાજદોષ, ચોરી પકડાવી તથા વિઘ્ન (શારદાતનય) ઇષ્ટ વસ્તુ ન મળવી; આરંભેલ કાર્ય પુરું ન થવું, ભાગ્યની પ્રતિકૂળતા, અનિષ્ટની પ્રાપ્તિ (રામચંદ્ર-ગુણચંદ્ર) ઉપાયનો અભાવ (વિશ્વનાથ) ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થવી, રાજા ગુરુ, વિગેરેનો અપરાધ (જગન્નાથ) કામ પાર ન પડવું, ઇષ્ટની અપ્રાપ્તિ, વિપત્તિ, અપરાધ-પરિજ્ઞાન, અનુતાપ, (સિંગભૂપાલ) અપરાધ તથા ધન જવું (રસતરંગિણીકાર) | ઉત્તમ તથા મધ્યમ પાત્રો દ્વારા મદદગારની શોધ, ઉપાયનો વિચાર, ઉત્સાહનો ભંગ, મનની ઉદાસી, નિસાસા, અધમ પાત્રો દ્વારા ચોતરફ ગાંડી દોડાદોડ, ચારે બાજુ જોવું, મો સુકાવું, હોઠના છેડાના ભાગ ચાટવા, ઉંઘ, નિસાસા (ભરતમુનિ) ઉત્તર તથા મધ્યમ પાત્રો દ્વારા જુદા જુદા ઉપાયોની વિચારણા, અધમ પાત્રો દ્વારા નિદ્રા, દીર્ઘનિઃશ્વાસ તથા ધ્યાન ધરવું, (પરંપરિત આર્યા) નિઃશ્વાસ તથા ઉચ્છ્વાસ, હૃદયમાં દુઃખનો અનુભવ, સહાયકો શોધવા (ધનંજય) સહાયક શોધવો. શુન્યતાનો અનુભવ કરવો, ગભરાવવું, પોતાની જાતની નિન્દા કરવી, (સાગરનન્દી) જયેષ્ઠ પાત્ર દ્વારા સહાયક શોધવો તથા ઉપાય વિચારવો. મધ્યમ પાત્ર દ્વારા વૈમનસ્ય, ઉત્સાહ, નાશ, વિઘ્નથી સુવું, નીચ પાત્ર દ્વારા ધ્યાન, મૂર્છા, શ્વાસ, (શારદાતનય) ઉત્તમ તથા મધ્યમ પાત્રો દ્વારા ઉપાયોની વિચારણા, સહાયકોની શોધ, વૈમનસ્ય તથા અધમ પાત્ર દ્વારા મોં સુકાવું, ઉંઘવું, ધ્યાન ધરવું, જીભ ફેરવવી (રામચંદ્ર-ગુણચંદ્ર) નિઃશ્વાસ, ઉચ્છ્વાસ, મનસ્તાપ, સહાયક અન્વેષણ (વિશ્વનાથ) પશ્ચાતાપ, (જગન્નાથ) ઉત્તમ પાત્ર દ્વારા સહાય અન્વેષણ, ઉપાયચિંતા, મધ્યમ પાત્ર દ્વારા અનુત્સાહ, વૈચિત્ય, અધમ પાત્ર દ્વારા વૈવર્ણ્ય, અવલોકન, |

| | | |
|---|---|---|
| | | રુદન, શ્વાસ, ધ્યાન, મુખ શોષ, (સિંગભૂપાલ) ઉત્તમ પાત્ર ધ્વારા સહાયકો શોધવા, વિચાર કરવો, અધમ પાત્ર ધ્વારા વૈમનસ્ય, વિચારમાં પડી જવું, દોડાદોડ કરવી, મુખ શોષ, નિદ્રા ન આવવી, નિ:શ્વાસ મૂકવા (રસતરંગિણીકાર) |
| (૨૦)<br>ઔત્સુક્ય | ઇષ્ટજનનો વિયોગ, અનુસ્મરણ ઉદ્યાન દર્શન (ભરતમુનિ) ઇષ્ટજન વિયોગ, અનુસ્મૃતિ (પરંપરિત આર્યા) સુખદાયક વસ્તુની આકાંક્ષા, પ્રેમના આસ્વાદનો ગભરાટ (ધનંજય) પ્રિયજન વિયોગ, પ્રિયસ્મરણ (સાગરનન્દી) પ્રિયવિયોગ, વિયોગનું અનુસ્મરણ, દર્શન, (શારદાતનય) અભીષ્ટની પ્રાપ્તિમાં વિલંબ (વિશ્વનાથ) ઇષ્ટ વસ્તુનો વિરહ (જગન્નાથ) ઇષ્ટ વસ્તુનો વિયોગ, ઇષ્ટ વસ્તુ દર્શન, રમ્યદિદૃક્ષા, અયોગ્ય, અપરાધ, અવમાન, (સિંગભૂપાલ) પ્રિયનું સ્મરણ થવું (રસતરંગિણીકાર) | દીર્ઘ નિ:શ્વાસ, અધોમુખચિંતન, નિદ્રા, તંદ્રા, શયનાભિલાષા (ભરતમુનિ) ચિન્તા, નિદ્રા, તંદ્રા, અંગો ભારે લાગવાં, (પરંપરિત આર્યા) શ્વાસ-ઉચ્છ્વાસ, ગભરાટ, હૃદયવેદના, સ્વેદ, ભ્રમ (ધનંજય) જોરથી શ્વાસ લેવો, ઉંડા જવું તથા ચિન્તા કરવી (સાગરનન્દી) ચિન્તા, નિદ્રા, શય્યાની અભિલાષા, શરીરનું ભારેપણું, શોન્ય નિ:શ્વાસ (શારદાતનય) ચિત્તનો સંતાપ, ઉતાવળ, સ્વેદ, દીર્ઘ નિ:શ્વાસ (વિશ્વનાથ) ઉતાવળ, ચિંતા (જગન્નાથ) શય્યા ગમન, શરીરનું ભારેપણું, નિદ્રા, તંદ્રા, નિ:શ્વાસ, (સિંગભૂપાલ) તન્દ્રા, ગાત્ર ગૌરવ (રસતરંગિણીકાર) |
| (૨૧)<br>નિદ્રા | દુર્બળતા, શ્રમ, થાક, મદ, આળસ, ચિંતા, અતિશય આહાર, સ્વભાવ, (ભરતમુનિ) આળસ, દુર્બળતા, કલેશ, શ્રમ, ચિન્તન, સ્વભાવ, રાત્રિ જાગરણ-ઉજાગરો (પરંપરિત આર્યા) ચિંતા, | ઉંઘરાટો ચહેરો, શરીર જોવું, આંખો ઘેરાવી, અંગો પસારવાં, મંદતા, ઉચ્છ્વાસ, ગાત્રોની શિથિલતા, આંખો મીંચાઇ જવી (ભરતમુનિ) ભારે મોઢું, ડોલાં ખાવાં, આંખો મીંચવી, જડતા, બગાસાં, આળસ (પરંપરિત આર્યા) બગાસાં, આળસ મરડવી, આંખો મીંચાવી, બબડવું, (ધનંજય) |

| | | |
|---|---|---|
| | આળસ, થાક (ધનંજય) દુર્બળતા, આળસ, આપત્તિની ચિંતા (સાગરનન્દી), મદ, શ્રમ, ગ્લાની, દુર્બળતા, આળસ, ચિન્તન, અધિક ભોજન, ઉપવાસ, દુ:ખ શોક (શારદાતનય) થાક, આળસ, દુર્બળતા, જાગરણ, અધિક ભોજન, મદસેવન, શ્રમ, ચિન્તા, ઉંઘવાનો સ્વભાવ, (રામચંદ્ર-ગુણચંદ્ર) પરિશ્રમ, ગ્લાનિ, મદ (વિશ્વનાથ) શ્રમ કરવો, (જગન્નાથ) સ્વભાવ, ચિંતન, આળસ, ગ્લાનિ (રસતરંગિણીકાર) મદ, સ્વભાવ, વ્યાયામ, નિશ્ચિંતત્વ, શ્રમ (શિંગભૂપાલ) | માથુ ભારે થઇ જવું, બગાસું ખાવું ઉંઘમાં બબડવું (સાગરનન્દી) શરીરનું ભારેપણું, આંખો ચોળવી, ડોળા ચકળવકળ થવા, નિ:શ્વાસ, જડતા, બગાસાં, આંખો દબાવવી (શારદાતનય) બગાસાં, નિ:શ્વાસ, આંખો ફરવી, આળસ મરડવી, આંખો ચોળવી, પલકારા મારવા, બધી ક્રિયાઓ ભુલી જવી (રામચંદ્ર-ગુણચંદ્ર) બગાસાં, આંખો મીંચવી, ઉચ્છવાસ, આળસ મરડવી (વિશ્વનાથ) આંખ મીંચવી, શરીરની હિલચાલ બિલકુલ ન કરવી. (જગન્નાથ) પડખાભર થવું, નેત્ર તથા ભ્રકુટીનું ચલન, વિભ્રમ વચન, સ્વપ્ન દર્શન (રસતરંગિણીકાર) ગાત્ર ગૌરવ, સન્ન ગાત્ર, શરીર સંકોચ, જડતા, નેત્રમિલન (શિંગભૂપાલ) |
| (૨૨) અપસ્માર | દેવ, યક્ષ, નાગ, બ્રહ્મ રાક્ષસ, ભુત, પ્રેત-પિશાચનો વળગાડ તથા તેમનું સ્મરણ, ઉચ્છિષ્ટ ભોજન, નિર્જન ભવનમાં વાસ, અપવિત્રતા, ઉતારમાં પગ પડી જવો, વ્યાધિ (ભરતમુનિ) ભુતપિશાચનો શરીરમાં પ્રવેશ, તેમની યાદ, ઉચ્છિષ્ટ (બલિ) નું ભક્ષણ, નિર્જન ઘરમાં જવું, ઉતાર ઓળંગવો, અપવિત્રતા (પરંપરિત આર્યા) ગ્રહોનો યોગ વિપત્તિ (ધનંજય) અતિશય | થોડો કંપ, નિ:શ્વાસ, ધ્રુજારી, દોડવું, પડી જવું, પરસેવો, જડતા, મોઢામાંથી ફીણ નીકળવું, જીભ વડે હોઠ ચાટવા, (ભરતમુનિ) એકાએક જમીન પર પડી જવું, ખુબ ધ્રુજવું, મોમાંથી ફીણ નીકળવું, બેભાન દશામાં ઉઠવું, (પરંપરિત આર્યા) જમીન ઉપર પડી જવું, પરસેવો વળવો, શ્વાસ જોર જોરથી ચાલવો, મુખમાંથી ફીણ નીકળવું (ધનંજય) પરસેવો થવો, જડવત્ બની જવું, જમીન ઉપર પડી જવું, જોરથી શ્વાસ લેવો, કાંપવું (સાગરનન્દી) નિ:શ્વાસ, સ્તંભ, હૃદય ધડકવું, કમ્પન, મોમાંથી ફીણ નીકળવું, જીભ ચાટવી, દોડવું, સ્વેદ |

વિઘ્નો, સત્વદોષ. (સાગરનન્દી) મહાભૂત, પિશાચ, બ્રહ્મરાક્ષસનો વળગાડ, તેમનું સ્મરણ, શુન્ય-સ્મશાન, શુન્યાગાર-સેવન, સમયનું અતિક્રમણ, ધાતુ વિષમતા. અપવિત્રતા (શારદાતનય) પિશાચ વિગેરે વળગાડ, વાત-પિત્ત-કફ રુપ ધાતુની વિષમતા, -ધાતુદોષ, ઉચ્છિષ્ટ લક્ષણ, નિર્જનવાસ, અપવિત્ર પદાર્થો જોડે સંપર્ક (રામચંદ્ર-ગુણચંદ્ર) ભુતાવેશ (વિશ્વનાથ) વિયોગ, શોક, ભય, ઘૃણાનો અતિરેક તથા ભૂતનો વળગાડ, (જગન્નાથ) ધાતુ વૈષમ્ય દોષ, ભૂતાવેશ (સિંગભુપાલ) અપવિત્રપણું, શૂન્ય સ્થાનમાં રહેવું, ધાતુઓનું વિષમપણું, ઉત્કટ દુ:ખ તથા ભય (રસતરંગિણીકાર)

કણ્ઠનાદ, વિસ્ફારિત નેત્રો (શારદાતનય) ભૂમિપતન ફીણ નીકળવું, જોરથી શ્વાસ લેવો, દોડવું, કાંપવું, સ્તંભ, સ્વેદ (રામચંદ્ર-ગુણચંદ્ર) ભૂમિપતન, કમ્પન, પ્રસ્વેદ, મોમાંથી ફીણ નીકળવું, લાળ ટપકવી (વિશ્વનાથ) કંપારી છુટવી, હાંફવું, જમીન ઉપર ધડ દઈને પડવું (જગન્નાથ) પ્રકંપન, પતન, દોડવું, સ્તંભ, ભ્રમણ, નેત્રવિક્રિયા, સ્વઓષ્ઠ દંશ, ભુજાસ્ફોટ, મુખમાંથી ફીણ (સિંગભૂપાલ) કંપ, મુખમાંથી ફીણ, શ્વાસોચ્છવાસ ભરવા, પૃથ્વી ઉપર પડી જવું, શરીરનું વળવું, જીહવાનું લોલન (રસતરંગિણીકાર)

(૨૩) સુપ્ત / સ્વપ્ન

ઇન્દ્રિય વિષયોપગમન અર્થાત્ ઇન્દ્રિયો ધ્વારા પોત પોતાના વિષયનું સેવન, ઇન્દ્રિયો સુન્ન થઇ જવી (મોહન) તલશયન અર્થાત જમીન પર સુવું, પ્રસારણ, અનુકર્ષણ (ભરતમુનિ) ઉંઘમાં ખલેલ, ઇન્દ્રિય નિવૃત્તિ મોહન, (પરંપરિત આર્યા)

ઉચ્છવાસ, સ્તબ્ધ શરીર, આંખો મીંચવી, સર્વ ઇન્દ્રિયોની મૂર્છા, સ્વપ્ન આવવું (ભરતમુનિ) ઉચ્છવાસ, નિ:શ્વાસ, ધીમેથી અક્ષિનિમીલન, સ્વપ્ન જોવું, ઉંઘમાં બબડવું (પરંપરિત આર્યા)

| | | |
|---|---|---|
| | નિદ્રા(ધનંજય) નિદ્રા(શારદાતનય)<br>નિદ્રાપ્રકર્ષ (રામચંદ્ર-ગુણચંદ્ર)<br>નિદ્રાનિમગ્ન (વિશ્વનાથ)નિદ્રાજ્ઞાન<br>(જગન્નાથ) નિદ્રા ઉદ્રેક<br>(સિંગભૂપાલ) સુઇ જવું<br>(રસતરંગિણીકાર) | શ્વાસોચ્છ્વાસ (ધનંજય) મન્દ અક્ષિનિ મીલન,<br>ઉચ્છ્વાસ, નિ:શ્વાસ, ઇન્દ્રિ સ્પન્દન, સ્પર્શ-<br>અનભિજ્ઞતા, ચેષ્ટાવૈધુર્ય (શારદાતનય) ઇન્દ્રિયોની<br>વિષયોથી અત્યંત વિમુખતા, મનની પણ વિષયોથી<br>વિમુખતા (રામચંદ્ર-ગુણચંદ્ર) કોપ, આવેગ, ભય,<br>ગ્લાની દુ:ખ (વિશ્વનાથ) શરીર નિશ્ચેષ્ટ થવું,<br>આંખ બંધ થવી (જગન્નાથ) ઇન્દ્રિયોપરતિ,<br>નેત્રમીલન, ગ્રસ્તગાત્ર, શ્વાસોચ્છ્વાસ (સિંગભૂપાલ)<br>નેત્રનું નિમીલન, મનનો પ્રલય, શ્વાસોચ્છ્વાસ.<br>(રસતરંગિણીકાર) |
| (૨૪)<br>વિબોધ<br>પ્રબોધ<br>----- | ખોરાક પચી જવો. ઉંઘ પુરી<br>થવી, સ્વપ્નનો અંત આવવો.<br>તીણો કે મોટો અવાજ સાંભળવો.<br>કશાકનો સ્પર્શ થવો (ભરતમુનિ)<br>ખોરાક પચી જવો. અવાજ થવો.<br>સ્પર્શ થવો (પરંપરિત આર્યા)<br>ઉંઘ ઉડી જવી (ધનંજય)<br>દુ:સ્વપ્ન, નિદ્રાચ્છેદ(સાગરનન્દી)<br>શબ્દ-સ્પર્શ, ભોજન-સ્વપ્ન-દર્શન,<br>નિદ્રાભંગ, ભોજન(શારદાતનય)<br>શબ્દસ્પર્શ, સ્વપ્ન સમાપ્તિ, ભોજન<br>પરિપાક (રામચંદ્ર-ગુણચંદ્ર)<br>નિદ્રાભંગ, નિદ્રા સમાપ્તિ<br>(વિશ્વનાથ) ઉંઘ પુરી થવી,<br>સ્વપ્ન પુરું થવું, મોટો અવાજ<br>થવો. કોઇએ ઢંઢોળવું, (જગન્નાથ)<br>સ્વપ્ન, સ્પર્શ, નિ:સ્વાન,<br>નિદ્રાસંપૂર્ણ (સિંગભૂપાલ)<br>નિદ્રાનાશ (રસતરંગિણીકાર) | બગાસું ખાવું, આંખો ચોળવી, પથારીમાંથી બહાર<br>આવવું, (ભરતમુનિ) બગાસું ખાવું, મોં તથા<br>આંખો ચોળવી (પરંપરિત આર્યા) બગાસું ખાવું,<br>આંખો ચોળવી (ધનંજય) આશ્ચર્ય પ્રગટ કરવું,<br>પથારીનો ત્યાગ કરવો (સાગરનન્દી) હાથ<br>ઉછાળવા, અંગો ફરકવાં, બગાસું ખાવું, આંખો<br>વારંવાર ખોલવી ને બંધ કરવી, શય્યાત્યાગ,<br>તથા ગર્દન અને અંગ મરડવાં (શારદાતનય)<br>અંગો મરડવાં, બગાસું ખાવું, આંખો ચોળવી,<br>ફરીથી સુઇ જવું, પથારીનો ત્યાગ કરવો.<br>હાથ પસારવા, આંગળીના ટચાકા ફોડવા<br>(રામચંદ્ર-ગુણચંદ્ર) બગાસું ખાવું, આંખો મીંચવી,<br>અંગ અવલોકન (વિશ્વનાથ) આંખો ચોળવી,<br>શરીર દાબવું, (જગન્નાથ,) અક્ષિમર્દન,<br>(સિંગભૂપાલ) અંગનું આકર્ષ, જૃમ્ભા, અક્ષિમર્દન,<br>આંગળીઓ મરડવી (રસતરંગિણીકાર) |

| | | |
|---|---|---|
| (૨૫) અમર્ષ | વિદ્યા, ઐશ્વર્ય, શૌર્ય,અને બળની અધિકતા ધરાવતી વ્યક્તિ દ્વારા તિરસ્કાર અથવા અપમાન (ભરતમુનિ) વિદ્યા, શૌર્ય અને અધિક બળવાળી વ્યક્તિ દ્વારા સભામાં આક્ષેપ (પરંપરિત આર્યા) અન્ય વ્યક્તિના ખરાબ વચનો અથવા અપમાનજનક વ્યવહાર (ધનંજય) વિદ્યાશાળી તથા ધનવાન પુરુષો દ્વારા પડકાર (સાગરનન્દી) વિદ્યા, ઐશ્વર્ય તથા બળમાં વધારે સમર્થ પુરુષો દ્વારા સભામાં અપમાન, અનાદર (શારદાતનય) અપમાન, ક્ષેપ્ર અર્થાત તિરસ્કાર (રામચંદ્ર-ગુણચંદ્ર) નિન્દા, આક્ષેપ, અપમાન (જગન્નાથ) અધિક્ષેપ, અવમાન (સિંગભૂપાલ) અપમાન થવું, ધમકી (રસતરંગિણીકાર) | શિરઃકંપ, પરસેવો, નીચે મોઢે વિચાર, ધ્યાન, નિશ્ચય, ઈલાજ અને મદદગારની શોધ (ભરતમુનિ) ઉત્સાહ અને નિશ્ચયથી નીચું મુખ રાખી વિચાર કરવો, માથું જોરથી હલાવવું, પરસેવો (પરંપરિત આર્યા) પરસેવો થવો, શિરઃકંપન, ભર્ત્સનાયુક્ત વચન, મારપીટ (ધનંજય) મસ્તક હલાવવું, ઉત્સાહ વધારવો, પરસેવાથી લથપથ થઇ જવું, વારંવાર યાદ કરવું (સાગરનન્દી) શિરઃકંપન, સ્વેદ, ધ્યાન, ઉપાય અન્વેષણ, ઉત્સાહ તથા પ્રયત્ન (શારદાતનય) મસ્તક નમાવી વિચાર કરવો, પરસેવો છૂટવો, ઉત્સાહ, ધ્યાન, ઉપાય ખોજવા, ફટકારવું, મારવું (રામચંદ્ર-ગુણચંદ્ર) આંખોમાં લાલાશ, શિરમાં કમ્પ, ભ્રૂભંગ તર્જન (વિશ્વનાથ) આંખ લાલ થવી, આંખ ફાડીને જોવું (જગન્નાથ) સ્વેદ, શિરઃકંપ, અધોમુખચિંતન, ઉપાય, અન્વેષણ, ઉત્સાહ, વ્યવસાય (સિંગભૂપાલ) સ્વેદ, શિરઃકંપ, નેત્રનું લાલપણું (રસતરંગિણીકાર) |
| (૨૬) અવહિત્થ | લજ્જા, ભય, પરાજય, ગૌરવ, છળ-કપટ, (ભરતમુનિ) ધૃષ્ટતા, કુટિલતા (પરંપરિત આર્યા) લજ્જા (ધનંજય) લજ્જા તથા ભય (સાગરનન્દી) ભય, લજ્જા, ધૃષ્ટતા, કુટિલતા, (શારદાતનય) ધૃષ્ટતા, પ્રગલ્ભતા, ભય, લજ્જા, ગૌરવ, દુષ્ટ અભિપ્રાય (રામચંદ્ર-ગુણચંદ્ર) ભય, ગૌરવ, લજ્જા | બીજી રીતે ફેરવીને કહેવું, બીજી તરફ/નીચે જોવું, વાત કાપી નાખવી,બનાવટી ધીરજ ધારણ કરવી (ભરતમુનિ) કોઇ કાર્ય પરત્વે બેદરકારી, લાંબો જવાબ ન આપવો, લાંબું ન બોલવું, (પરંપરિત આર્યા) અંગના વિકારો છુપાવવા (ધનંજય) આંતરિક ભાવ છુપાવવો (સાગરનન્દી) શુન્યસ્મિત, કથાભંગ, મિથ્યા-ધૈર્ય, તેનું અવલોકન, અન્તર્દુખ, બાહ્ય ગર્વ-ભાવના (શારદાતનય) પ્રસ્તુત ક્રિયાથી ભિન્ન કથન, અવલોકન, |

| | | |
|---|---|---|
| | (વિશ્વનાથ) વ્રીડા, લજ્જા (જગન્નાથ) લજ્જા, સાધ્વસ, દાક્ષિણ્ય (સિંગભૂપાલ) લજ્જા, ધૃષ્ટતા, કુટિલતા, ગૌરવ, (રસતરંગિણીકાર) | વાત કાપી નાખવી, બનાવટી સ્થિરતા, (રામચંદ્ર-ગુણચંદ્ર) અને અપેક્ષિત કામ તરફ પ્રવૃત્તિ કરવી, વાત કરવી, બીજી તરફ જોવું, (વિશ્વનાથ) હર્ષ છુપાવવો (જગન્નાથ) અન્યકથન, મિથ્યાધૈર્ય, અન્યત્ર વીક્ષણ, કથા ભંગ, (સિંગભૂપાલ) બીજી રીતે કહેવું, બીજી રીતે કરવું, બીજી રીતે જોવું (રસતરંગિણીકાર) |
| (૨૭) ઉગ્રતા | ચોરી પકડાઈ જવી, નૃપ અપરાધ અર્થાત રાજાનો અપરાધ કરવો, અસત્પ્રલાપ અર્થાત જુઠું બોલવું, (ભરતમુનિ) ચોરી પકડાવી, નૃપ અપરાધ (પરંપરિત આર્યા) કોઈ દુષ્ટનું દુષ્કર્મ, દુર્વચન, ક્રુરતા (ધનંજય) વાકયપારુષ્ય અર્થાત તીખાં વેણ બોલવાં, અપરાધ કરવો (સાગરનન્દી) પુત્ર, મિત્ર, સ્ત્રી, દ્વારા દ્રોહ (શારદાતનય) દુષ્ટ અર્થાત હિંસા આચરનારા, જુઠું બોલનારા, દગો આપનારાના અપરાધને કારણે, અનુચિત કાર્ય, કરનાર, ઉલ્ટી-સીધી વાત કરનાર, ચોરી કરનાર પરત્વે રાજામાં (રામચંદ્ર-ગુણચંદ્ર) શુરતા તથા અપરાધ (વિશ્વનાથ) તિરસ્કાર, અપમાન, (જગન્નાથ) અપરાધ, અવમાન, ધૈર્યાદિગ્રહણ, | વધ, બન્ધન, તાડન, નિર્ભર્ત્સન, ગાલિપ્રદાન (ભરતમુનિ) વધ, બંધન, તાડન (પરંપરિત આર્યા) ખેદ, કટુવચન, શિર:કંપન, અન્યને મારવા માટે તત્પર થવું, તર્જના (ધનંજય) તાડન, વધ, બન્ધન, ભર્ત્સના (સાગરનન્દી) અતિક્રુર વધ, બંધન તથા તાડન (શારદાતનય) વધ તથા બન્ધન, સ્વેદ શિર:કંપન, તાડન, નિર્ભર્ત્સન (રામચંદ્ર-ગુણચંદ્ર) પ્રસ્વેદ, શિર:કંપન, તર્જન, તાડન, (વિશ્વનાથ) મુશ્કેટાટ બાંધવો, વધ કરવો, માર મારવો, ઝાટકણી કાઢવી (જગન્નાથ) નયનરાગ, બન્ધન, તાડન, શિરઃકંપન, સ્વેદ, વધ, નિર્ભર્ત્સના (સિંગભૂપાલ) ધિક્કારવું, મારવું (રસતરંગિણીકાર) |

અસત્પ્રલાપ (સિંગભૂપાલ)
અપરાધ, દોષ કહી સંભળાવવા,
ચૌર્ય (રસતરંગિણીકાર)

(૨૮)
મતિ

વિવિધ શાસ્ત્રો ઉપર ઉંડું ચિંતન, ઉહાપોહ (શંકાઓનું સમાધાન) (ભરતમુનિ) વિવિધ શાસ્ત્રોનો અર્થ બોધ (પરંપરિત આર્યા) શાસ્ત્રોપદેશ, ભ્રાન્તિચ્છેદ (ધનંજય) શાસ્ત્ર-પરિશીલન (સાગરનન્દી) વિવિધ શાસ્ત્ર નિષ્પન્ન (શારદાતનય) શાસ્ત્રનું ચિન્તન, તથા તર્ક (રામચંદ્ર-ગુણચંદ્ર) નીતિમાર્ગનું અનુસરણ, અર્થનિર્ધારણ (વિશ્વનાથ) શાસ્ત્ર વિગેરેનો વિચાર, અર્થગ્રહણ (જગન્નાથ) વિવિધ શાસ્ત્રોનું પરિશીલન, અર્થનિર્ધારણ (સિંગભૂપાલ) શાસ્ત્ર ચિન્તન (રસતરંગિણીકાર)

શિષ્યોને ઉપદેશ, અર્થ અંગે વિકલ્પોને કારણે અડચણ, શંકાનો નાશ (ભરતમુનિ) શિષ્યોપદેશ અર્થાવબોધ (પરંપરિત આર્યા) તત્વજ્ઞાન (ધનંજય) તત્વજ્ઞાન, સત્યનો ઉપદેશ (સાગરનન્દી) શાસ્ત્ર સંબંધી સંશય દુર કરવો, શિષ્યોને હિતોપદેશ આપવો, અર્થદર્શન, ચિત્ત સન્તોષ, કુશળ વ્યવહાર (શારદાતનય) ભ્રમચ્છેદન, ઉપદેશ (રામચંદ્ર-ગુણચંદ્ર) સ્મિત, ધૈર્ય, સંતોષ, આત્મસન્માન (વિશ્વનાથ) નિશ્ચિતવાતનું નિ:શંકપણે આચરણ, નિ:શંક થવું (જગન્નાથ) કર્તવ્યકરણ, સંશયચ્છેદ, શિષ્યોપદેશ, ભ્રૂક્ષેપ, ઉહાપોહ (સિંગભૂપાલ) શિષ્યને ઉપદેશ કરવો, ભ્રુકુટિનો ઉત્ક્ષેપ કરવો, કરચાલન, ચાતુર્ય (રસતરંગિણીકાર)

(૨૯)
વ્યાધી

વાત, પિત્ત તથા કફનો સંનિપાત (સાથે હોવાપણું)થી જન્મતો જ્વર, (ભરતમુનિ) દેશ તથા કાળ અનુસાર વાત પિત્ત, કફ નામના ત્રિદોષની વિષમતા જન્ય જ્વર (શારદાતનય) વાત, પિત્ત તથા કફનો સંનિપાત (ધનંજય) વાત, પિત્ત તથા કફ જન્ય

(૧) શીતજ્વર: સખત ધ્રુજારી, બધા અંગોનું ઉછળવું, અંગોનો સંકોચ, અગ્નિની ઇચ્છા, રોમાંચ, હડપચી હાલવી, નાક સંકોડાવું, મોમાં શોષ પડવો, વિલાપ કરવો (ભરતમુનિ) શિર:કંપન, અંગસંકોચ, મુખશોષ, સુખસંકોચ, વિલાપ, રોમાંચ, હનુસંચલન (શારદાતનય) કમ્પન (વિશ્વનાથ) હનુસંચાલન, અંગકંપ, રોમાંચ, મુખ શોષ (સિંગભૂપાલ)

(૨) દાહજ્વર: વિક્ષેપ પામેલા અંગો તથા

| | | |
|---|---|---|
| | જ્વર (વિશ્વનાથ) નિદોષજન્ય જ્વર (શિંગભૂપાલ) | હાથ અને પગ, જમીન ઉપર સૂવાની ઇચ્છા, લેપ, ઠંડકની ઇચ્છા, વિલાપ, મોં સુકાવું, બરાડા પાડવા (ભરતમુનિ) જમીન પર સુઇ જવું , વિલાપ કરવો, હાથ, પગ તથા વસ્ત્રો ફેંકવા, શીતની અભિલાષા, શીત અનુલેપન, રકત દૃષ્ટિ, બરાડા પાડવા (શારદાતનય) ભૂમીચ્છા (વિશ્વનાથ) અંગવિક્ષેપ, નિઃશ્વાસ, મુખ શોષ, બાષ્પ (શિંગભૂપાલ) |
| વ્યાધિ | અન્ય વ્યાધિઓ | મોં બગાડવું, ગાત્રોની જડતા, ઢળેલી આંખો, નિસાસા, અવાજ કરવો, બરાડા પાડવા, ધ્રુજવું (ભરતમુનિ) અંગોની શિથિલતા, અંગોનો વિક્ષેપ, મોં બગાડવું (પરંપરિત આર્યા) શરીર કઠોર થઇ જવું, મુખસંકોચ, શ્વાસ, શરીરની શિથિલતા, બરાડા પાડવા, નમેલી આંખો, કૃશતા (શારદાતનય) ગાત્રસ્તંભ, મુખશોષ, શ્લથઅંગત્વ (શિંગભૂપાલ) |
| વ્યાધિ | ધાતુક્ષોભ, શોક (સાગરનન્દી) વાત, પિત્ત, કફ દોષનો સન્નિપાત (રામચંદ્ર-ગુણચંદ્ર) રોગ, વિરહ (જગન્નાથ) કુપિતધાતુ, કામ, કલેશ, (રસતરંગિણીકાર) | અંગ વિક્ષેપ (સાગરનન્દી) આર્તસ્વર, મુખશોષ, દન્તવીણાવાદન, શીતાભિલાષ, અંગવિક્ષિપ્તતા, સન્તાપ, (રામચંદ્ર-ગુણચંદ્ર) શરીર ઢીલું થાય, શ્વાસ ચડે (જગન્નાથ) દશ પ્રકારના ઉપદ્રવો (રસતરંગિણીકાર) |
| (૩૦) ઉન્માદ | ઇષ્ટજન વિયોગ, વિભવ નાશ અભિઘાત, વાત-પિત્ત-શ્લેષ્મ પ્રકોપ (ભરતમુનિ) ઇષ્ટજન કે સંપત્તિના નાશથી, આઘાત લાગવાથી, વાત, પિત્ત, | અકારણ હસવું, રડવું, ગાળો આપવી, અસમ્બદ્ધ પ્રલાપ કરવો, સૂવું, બેસવું, ઉઠવું, દોડવું, નાચવું, ગાવું, ભણવું, રાખ કે ધૂળ ચોળવી, ઘાસ નિર્માલ્ય (ફુલ તથા હાર) ગંદા કપડાં, ચીંથરાં, ઘડાનો કાંઠલો, શકોરું, ઘરેણાં માફક |

કફના પ્રકોપથી, જાત જાતના ચિત્તવિકારથી (પરંપરિત આર્યા) સન્નિપાત, વિગેરે શારીરિક રોગો તથા ગ્રહ વિગેરે (ધનંજય) ઇષ્ટ વિયોગ, (સાગરનન્દી) જયેષ્ઠ પાત્રમાં પ્રિય-જન વિયોગ, મધ્યમ, પ્રાત્રમાં પ્રિયનાશ તથા નીચ પાત્રોમાં ધન નાશ (શારદાતનય) ભૂત પિશાચરુપ ગ્રહ, વાતપિત્તરુપ, દોષ (રામચંદ્ર-ગુણચંદ્ર) કામ, શોક ભય (વિશ્વનાથ) વિરહ, ભયંકર સંકટ, અત્યંત આનંદ, (જગન્નાથ) ઇષ્ટનાશ, વિયોગ, (સિંગભૂપાલ) પ્રિયનો વિયોગ, વિભવનો ભ્રંશ (રસતરંગિણીકાર)

ધારણ કરે તેનો ઉપભોગ કરવો તથા ઢંગધડા વગરની બીજી અનેક બાબતો તેમજ ચાળા કરવા (ભરતમુનિ) કારણ વગરનું રુદન કે હાસ્ય, બેસવું, ગાવું, દોડવું, બૂમો પાડવી, અન્ય વિકારના ચિહનો (પરંપરિત આર્યા) રડવું, ગાવું, હસવું, (ધનંજય) બેભાન થઇ જવું, વ્યર્થ ચક્કર મારવા, (સાગરનન્દી) અકારણ સ્મિત, આક્રોશ, ગીત, નૃત્ય, દોડવું, મેલાંઘેલાં કપડાં પહેરવાં, નિર્માલ્ય ઘાસ તથા મૃત્પાત્ર ધારણ કરવા, અસ્થિર તથા શય્યાના છેડે બેસવું-ઉઠવું, રડવું, અસંબધ્ધ પ્રલાપ તથા સ્ખલિત વિકાર (શારદાતનય) મનની અસ્થિરતા, અનુચિત ગાવું, નાચવું, ભણવું, ભાગવું, રડવું, બુમબરાડા પાડવા, અસંબધ્ધ પ્રલાપ કરવો, અકારણ હસવું, રાખ યા ધૂળ ફેંકવી, નિર્માલ્ય, પોપળના પાન, ઘડો, શકોરાનો આભુષણ તરીકે ઉપભોગ કરવો (રામચંદ્ર-ગુણચંદ્ર) અકારણ હસવું, રડવું, ગાવું, પ્રલાપ કરવો (વિશ્વનાથ) ભળતીજ વસ્તુમાં ભળતીનેજ ભાસ થવો (જગન્નાથ) અસંબધ્ધ પ્રલાપ, શયન, સહસા ઉભા થઇ જવું, અચેતન (સિંગભૂપાલ) વૃથા વિલાપ, વૃથા સ્મિત, વૃથારુદન (રસતરંગિણીકાર)

(૩૧)
મરણ

વ્યાધિ તથા આકસ્મિક ચોટ
(૧) વ્યાધિપ્રભવ: આંતરડા તથા પિત્તાશય-રોગ, શૂળ ત્રિદોષ, ગડગુમડ, તાવ, કોલેરા (ભરતમુનિ) રોગજન્ય (શારદાતનય) વાત, પિત્ત કફનું વૈષમ્ય, ગડગૂમડ, તાવ કોલેરા (રામચંદ્ર-ગુણચંદ્ર) વ્યાધિજ (સિંગભૂપાલ)

ગાત્રોની શિથિલતા, અત્યલ્પ અંગચેષ્ટા, આંખો મીંચાવી, ડચકિયાં, શ્વાસ ઉપડવો, કુટુંબીઓને પણ ન ઓળખવા, જીભનો ગોટો વળવાથી સમજાય નહિ તો શબ્દોચ્ચાર કરવો (ભરતમુનિ) શિથિલ શરીર, ચેષ્ટાહીન ઇન્દ્રિયો (પરંપરિત આર્યા) ગાત્રોની વિવર્ણતા, શ્વાસ, વેદના, આંખો ચોળવી, અસ્પષ્ટ વર્ણાવલીનું કથન, પુષ્ટ અંગોની ચેષ્ટાઓ, ડચકિયાં, સેવકોની ઉપેક્ષા (શારદાતનય) ઇન્દ્રિયો વિષયને ગ્રહણ કરવામાં અસમર્થ. વિહવળ

| | | |
|---|---|---|
| | | ચેષ્ટાઓ હિચકી, નિ:શ્વાસ, પરિજનોને ન જોવાં, અસ્પષ્ટ ઉચ્ચારણ, ચહેરાની દીનતા (રામચંદ્ર-ગુણચંદ્ર) અવ્યક્તઅક્ષર ભાષણ, વિવર્ણ ગાત્ર, મન્દ શ્વાસ, સ્તમ્ભ, હિક્કા, પરિજન ઉપેક્ષા, નિશ્ચેષ્ટ-ઇન્દ્રિય (સિંગભૂપાલ) |
| | <u>(૨) અભિઘાતજ:</u><br>શસ્ત્ર, સર્પદંશ, વિષપાન, હિંસક પ્રાણીઓનો હુમલો, હાથી, ઘોડા, રથ, પશુ, યાન ઉપરથી નીચે પડવું (ભરતમુનિ) | <u>શસ્ત્રક્ષત</u>: સહસા ભૂમિપતન, કમ્પન, ફરકવું.<br>સર્પદંશ/વિષપાન (૧) શરીર કૃશ થવું (૨) કમ્પ (૩) દાહ (૪) હિચકી (૫) મુખમાં ફીણ આવવું, (૬) ગળું ઢીલું પડવું (૭) જડતા (૮) મરણ.<br><u>હિંસક પ્રાણી ધ્વારા હુમલો</u> : સહસા ભૂમિ પતન, કમ્પન, તથા અંગો ફરકવાં<br><u>હાથી, ઘોડા, રથ, યાન ઉપરથી પડવું</u>: સહસા ભૂમિ પતન, કમ્પન તથા અંગો ફરકવાં |
| <u>મરણ</u> | અસ્ત્ર-શસ્ત્ર તથા તલવાર વિગેરેનો પ્રહાર (શારદાતનય) | જમીન પર પડવું, અવાજ કરવો, વિલાપ તથા ભ્રમણ (શારદાતનય) |
| <u>મરણ</u> | વ્યાધિ તથા અભિઘાત (સાગરનન્દી) બાણ વિગેરે વાગવાથી (વિશ્વનાથ) રોગ વિગેરે (જગન્નાથ) | હિક્કા, શ્વાસ, શક્તિહીનતા, સ્કન્ધભંગ,દાહ, મુખમાંથી ફીણ, વમન (સાગરનન્દી) દેહનું પતન, (વિશ્વનાથ) વાચા બંધ થઇ જવી, અંગો કૃશ થઇ જવાં (જગન્નાથ) |
| (૩૨)<br><u>ત્રાસ</u> | વીજળી, ઉલ્કા(ખરતા તારા) વ્રજપાત, પવનનું તોફાન ધરતીકંપ, વાદળાં, મોટાં પ્રાણી તથા પશુઓના અવાજ (ભરતમુનિ) મહાભયંકર અવાજ (પરંપરિત આર્યા) વાદળા ગરજવા, મેઘગર્જન, તથા એવી | અંગ સંકોચ, કંપ, ધ્રુજારી, જડતા, રોમાંચ, ગળીગળી વાતચીત (ભરતમુનિ) અંગોની શિથિલતા, પલકારા મારતી આંખો (પરંપરિત આર્યા) કમ્પ વિગેરે (ધનંજય) કાંપવું, જડવત્ ઉભા રહેવું, સર્વ અંગો કાંપવા અથવા સંકોચાવા, મુખમાંથી અસ્પષ્ટ શબ્દો નીકળવા - ગદ્‌ગદ્ થવું, સ્વેદ, કમ્પન, તથા મોહ (શારદાતનય) શરીર |

| | | |
|---|---|---|
| | ભયપ્રદ ઘટના(ધનંજય) ખુંખાર જંગલી પ્રાણીને જોવું, વીજળીના કડાકા થવા (સાગરનન્દી) ઉલ્કાપતન, શિલાપતન, શત્રુ દ્વારા વજ્રપાત, રાક્ષસ તથા ભયાનક પશુઓનો ઉપદ્રવ, મેઘગર્જના વિગેરે (શારદાતનય) ભયંકર ગર્જન, વિજળી પડવી, મહા ભયંકર શબ્દ, અત્યંત ભીષણ પ્રાણીનું દર્શન(રામચંદ્ર-ગુણચંદ્ર વજ્ર નિર્ઘોષ, વિદ્યુતપતન, ઉલ્કાઘાત (વિશ્વનાથ) બીકણ માણસમાં ભયંકર પ્રાણી જોઇને, વીજળીનો કડાકો સાંભળીને (જગન્નાથ) વિદ્યુતપતન, હિંસકપ્રાણી, મેઘ ગર્જન (સિંગભુપાલ) ઘોર શબ્દનું શ્રવણ તથા ઘોર પ્રાણીનું દર્શન કરવું (રસતરંગિણીકાર) | સંકોચાવું, કાંપવું, સ્તમ્ભ, રોમાંચ, મૂર્ચ્છા, ગદ્ગદવચન (રામચંદ્ર-ગુણચંદ્ર) કમ્પ આદિ (વિશ્વનાથ) રોમાંચ, ધ્રુજારી, શરીરની જડતા, ભ્રમ (જગન્નાથ) કમ્પ, ગાત્ર સંકોચ, રોમાંચ, સ્તમ્ભ, ગદ્ગદ્, નિર્મેષ, વિશ્રાન્તિ, પાર્શ્વ સ્થળ અવલંબન, (સિંગભુપાલ) સ્તંભ, સ્વેદ, રોમાંચ, તથા ગાત્રોનું શિથિલપણું (રસતરંગિણીકાર) |
| (૩૩) વિતર્ક | સંદેહ, વિમર્શ, ગૂંચણ (ભરતમુનિ) વિચારણા (પરંપરિત આર્યા) સંદેહ (સાગરનન્દી) સંશય, દૂર-દૃષ્ટ-પદાર્થનો અનિશ્ચય; વિમર્શ તથા વિસ્મૃત પદાર્થની સ્મૃતિ (શારદાતનય) વાદ વિવાદ, | જાત જાતની ચર્ચા, પ્રશ્ન નિર્ણય, રહસ્યની જાળવણી (ભરતમુનિ) શિર:કંપ, ભ્રમર ચડાવવી, (પરંપરિત આર્યા), ભ્રૂ, શર, અંગુલિનર્તન (ધનંજય) પ્રશ્ન કરવો, વિચાર કરવો, ભ્રૂક્ષેપ, શિર:કંપ (સાગરનન્દી) ગ્રહ-મોક્ષ, શિર:કંપન, વ્યવહાર (શારદાતનય) આંગળી, ભ્રમર, તથા મસ્તકનું નર્તન (રામચંદ્ર-ગુણચંદ્ર) ભ્રૂકુટિભંગ, શિર:કંપ |

સન્દેહ, અભાવનું જ્ઞાન વિશેષ
પ્રતીતિની ઇચ્છા (રામચંદ્ર-
ગુણચંદ્ર) સન્દેહ (વિશ્વનાથ)
સંશય (જગન્નાથ) સન્દેહ,
વિચાર વિમર્શ, સત્યાસત્ય
નિર્ણય (સિંગભૂપાલ)
વિપ્રતિપત્તિ, સંશય, સાધક,
બાધક, પ્રમાણ
(રસનરંગિણીકાર)

તથા તર્જની (વિશ્વનાથ) ભ્રમર ચડાવવી,
માથું હલાવવું, આંગળીના ચાળા કરવા
(જગન્નાથ) ભ્રૂ, શિરઃકંપન (સિંગભૂપાલ)
શિરઃકંપ, ભ્રૂચાલન (રસનરંગિણીકાર)